
## ૨૪ ઓકટોબર ૧૯૪૭ વિજયાદશમી દશેરાનાં દિવસે

# જૂનાગઢ આરઝી હકુમતનાં ગુપ્તચર કમાન્ડર શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમની ટુકડીનો ભેંસાણ મહાલનાં અમરાપુર ગામનો ઐતિહાસીક વિજય


જૂનાગઢ આરઝી હકુમતનો સિમ્બોલ


આરઝી હકુમતનાં વિર સેનાની અને કુંકાવાવ કેમ્પ કમાન્ડર દુર્લભજીભાઈ નાગ્રેચા


આરઝી હકુમતમાં ઘોડેસ્વાર સૈનિકોમાં ડાબેથી સાફાવાળા દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમની ટીમ


આરઝી હકુમતનો જાગતો ચોકી પહેરા દરમ્યાન ઉપરોકત તસ્વીરમાં ઉભેલા સાફાવાળા દુર્લભજીભાઈ નાગ્રેચા દર્શાય છે.


શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા (દાઢીએટધારી અને તેમનાં સાથીદારાની ટીમ)


અમરાપુર ગામનાં ઐતિહાસીક વિજય બાદ દુર્લભજીભાઈ નાગ્રેચા (બંડી જાકીટધારી) અને તેમની ટીમનું ફુલહારથી સ્વાગત કરાયું


આરઝી હકુમતનાં ગુપ્તચર વિભાગનાં વડા દુર્લભજીભાઈ નાગ્રેચા


જૂનાગઢ ખાતે યોજાયેલા સ્વાતંત્ર પર્વ પ્રસંગે ગુજરાત સરકારનાં તત્કાલીન મંત્રીશ્રી દ્વારા વિજયાલક્ષ્મીબેન દુર્લભજીભાઈ નાગ્રેચાનું કરાયેલું સન્માન

જૂનાગઢ તા.૨૪

આજથી બરાબર ૭૬ વર્ષ પહેલા ૨૪ ઓકટોબર ૧૯૪૭નાં વિજયાદશમી દશેરાનાં દિવસે 'આરઝી હકુમત' સેનાના ગુપ્તચર વિભાગનાં ચીફ કમાન્ડર શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમના સાથીદાર સૈનિકોની ટુકડીએ ભેસાણ મહાલનાં અમરાપુર ગામનો ઐતિહાસીક વિજય મેળવ્યો હતો અને ત્યારબાદ 'આરઝી હકુમત'ની જુદી-જુદી સૈનિકોની ટુકડીએ એક પછી એક ગામો કબ્જે કરી અને ૯મી નવેમ્બર ૧૯૪૭ના દિવસે જૂનાગઢને સંપૂર્ણ આઝાદી અપાવી હતી.

૧૫મી ઓગષ્ટ ૧૯૪૭નાં દિવસે ભારત દેશ આઝાદ થયો હતો. સર્વત્ર આઝાદીનો ઉત્સવ મનાવવામાં આવી રહ્યો હતો ત્યારે જૂનાગઢ અને સોરઠમાં સંકટનાં વાદળો ઘેરાયા હતા. જૂનાગઢનાં તત્કાલીન નવાબે કોઈની ચડવણીથી દોરાઈ અને જૂનાગઢને પાકિસ્તાન સાથે જોડવાની હીલચાલ કરતા સોરઠમાં અંધાધુંધી પ્રસરી ગઈ હતી. જૂનાગઢ અને સોરઠનું હીત જેઓના હૈયે રહેલું હતું તેવા સૌરાષ્ટ્રનાં આગેવાનોની તાત્કાલીક બેઠક મળી હતી. કાઠીયાવાડ રાજકીય પરીષદનાં આગેવાનો મંત્રણામાં પરોવાયા હતા. બીજી તરફ મુંબઈના માધવબાગમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. અને તાત્કાલીક પ્રજાકીય ક્રાંતિની લોકલડતનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પ્રજાકીય ચળવળ માટે 'આરઝી હકુમત'ની સમાંતર સરકારની રચના કરવામાં આવી હતી. આરઝી હકુમતની રચના બાદ ખાતાઓની ફાળવણી કરવામાં આવી હતી. કામચલાઉ સરકાર એટલે કે આરઝી હકુમતનું અસ્તિત્વ થયું હતુ આરઝી હકુમત સેનાના વડાપ્રધાન તરીકે શામળદાસ ગાંધીની વરણી કરવામાં આવી હતી. જયારે સરસેનાધિપતિ તરીકે રતુભાઈ અદાણીની નિયુક્તી કરાઈ, આરઝી હકુમત સેનાનું જાહેરનામુ કનૈયાલાલ મુનશીએ ઘડયું હતું. જયારે અમૃતલાલ શેઠ એ શામળદાસ ગાંધીને સમશેર અર્પણ કરી હતી. જૂનાગઢને નવાબી શાસનમાંથી મુક્તિ અપાવવાનાં મક્કમ નિર્ધાર સાથે આરઝી હકુમત સેનાનું પ્રધાનમંડળ રાજકોટ આવવા રવાના થયા હતા. જયાં ઠેર-ઠેર તેમનું સ્વાગત કરાયું હતું. રાજકોટ ખાતે આવેલ આગેવાનો વ્યુહરચના કરવા લાગ્યા હતા. દરમ્યાન જૂનાગઢ જીલ્લાનાં બિલખા ગામનાં વતની શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમના ધર્મપત્ની વિજયાલક્ષ્મીબેન નાગ્રેચા જેઓએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આશીર્વાદ સાથે સ્વાતંત્ર્ય સંગ્રામ માટેની અનેક ચળવળો જેમ કે, હીંદ છોડો, કવીટ ઈન્ડિયા, અંગ્રેજો આ દેશમાંથી ચાલ્યા જાવ, મીઠાનો સત્યાગ્રહ સહિતની વિવિધ ચળવળોમાં ભાગ લીધો હતો. એક તકે તો બીલખામાં રહેલી તેમની મિલ્કતો જપ્ત કરી તેમને હદપાર કરવામાં આવ્યા હતા. તેઓએ રાજકોટમાં વસવાટ કરી અને આઝાદીની હીંદ છોડો સહિતની ચળવળોમાં ભાગ લેવા બદલ લાઠીચાર્જ પણ વેઠયો હતો. રાજકોટમાં સદર ખાતે આવેલી એજન્સી કોર્ટમાં શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાએ સૌ પ્રથમ રાષ્ટ્ર ધ્વજ ફરકાવી ૬ માસની જેલ સજા પણ ભોગવી હતી. જેમનાં હૈયામાં દેશભક્તિ અને રાષ્ટ્રભાવના રહેલી હતી તેવા સ્વાતંત્ર્યવીર શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમના ધર્મપત્ની વિજયાલક્ષ્મીબેન નાગ્રેચા પોતાનાં પરિવારને ભગવાન ભરોસે મુકી અને આઝાદી જંગમાં જંપલાવ્યું હતું. તેવા દેશભક્ત દંપતિ પણ જૂનાગઢની આઝાદીનાં જંગમાં જોડાયા હતા. રાજકોટનાં વસવાટ દરમ્યાન શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા, શ્રી ઢેબરભાઈ, રસીકભાઈ પરીખ, દરબાર ગોપાલદાસ, ભક્તિબા, માર્કંડભાઈ દેશાઈ અને સૌરાષ્ટ્રના પ્રથમ હરોળનાં નેતાઓ સાથે રહી અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં આગળ પડતો ભાગ લીધો હતો. જૂનાગઢ અને સોરઠને આઝાદી અપાવવાનાં જંગમાં પણ દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમનાં ધર્મપત્ની વિજયાલક્ષ્મીબેન નાગ્રેચા જોડાયા હતા. જૂનાગઢ જીલ્લાની ઈંચે ઈંચ ભૂમિના જાણકાર શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાને આરઝી હકુમતની સેનામાં ગુપ્તચર વિભાગનાં વડા બનાવવામાં આવ્યા હતા. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને મુંબઈથી આવેલા વિરચંદભાઈ શેઠ એ ૯મી સપ્ટેમ્બર ૧૯૪૭નાં દિવસે કુંકાવાવ ખાતે જુની જીન ગણાતી મીલમાં આરઝી હકુમતનું થાણું નાખ્યું હતું અને સાથીદારોની ટુકડી ગુપ્તવેશે મહત્વની બાતમી મેળવી યુધ્ધ માટેની તૈયારી શરૂ કરી હતી. બીજી તરફ વિજયાલક્ષ્મીબેન નાગ્રેચા પણ લોકોમાં તેમજ ખાસ કરીને મહિલાઓમાં લોકક્રાંતિ માટેની જાગૃત્તિ માટે કામે લાગી ગયા હતા. બીજી તરફ આરઝી હકુમતની સેનાની બીજી ટુકડીઓ પણ જુદા-જુદા મહત્વનાં મથકો ઉપર બેસી ગયા હતા. યુધ્ધ પૂર્વેની તૈયારીને આખરી ઓપ અપાયા બાદ આરઝી હકુમતની સેનાએ આક્રમણનો પહેલો ઘા ભેસાણ મહાલનાં અમરાપુર ગામે કરવાનો નિર્ણય લેવાયો. આરઝી હકુમત સેનાનાં સરસેનાધીપતી રતુભાઈ અદાણી સાથે આરઝી હકુમત સેનાનાં ગુપ્તચર કમાન્ડર અને જેઓનું મુખ્ય મથક કુંકાવાવ ખાતે આક્રમણ માટેની મહત્વની મંત્રણાઓ કરી લીધા બાદ આરઝી હકુમતની સેના યુધ્ધ માટે રવાના થઈ હતી અને શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમના સાથીદારો એટલે આરઝી હકુમતનાં સૈનિકોની ટુકડીએ ભેસાણ મહાલનાં અમરાપર ગામે ત્રાટકી અને અમરાપુર ગામનો કબ્જો મેળવી લીધો હતો. સરસેનાધીપતિ રતુભાઈ અદાણીએ ટુંકુ પ્રવચન કરી અમરાપુરના લોકોને આઝાદી મળી તેવી વાત કરી હતી.

આરઝી હકુમતનાં ગુપ્તચર વિભાગનાં કમાન્ડર દુર્લભજીભાઈ નાગ્રેચા અને સાથીદાર સૈનિકોનું ગામ લોકોએ ફુલહાર કરી અભિવાદન કર્યુ હતું. ૯મી સપ્ટેમ્બરે કુંકાવાવ ખાતે થાણું નાખતી વખતે શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાને એવો સ્વપન્ને પણ ખ્યાલ નહીં હોય કે, પોતાનું કુંકાવાવનું થાણું ઐતિહાસીક વિજયનું માન ખાટી જશે. આરઝી હકુમતની સેનાએ દશેરાનાં દિવસે વિજય મેળવ્યા બાદ આરઝી હકુમતની વિવિધ ટુકડીઓએ એક પછી એક ગામો સર કર્યા હતા. ૮૬ દિવસની લડતનાં અંતે જૂનાગઢને ૯મી નવેમ્બરનાં રોજ સાચા અર્થમાં આઝાદી અપાવી હતી અને એટલા માટેજ ૯મી નવેમ્બર એ જૂનાગઢનો આઝાદી દિન મનાવાય છે.

સોરઠની ખમીરવંતી પ્રજાએ જે મુક્તિસંગ્રામ ખેલ્યો અને જૂનાગઢને સાચા અર્થમાં આઝાદી અપાવી હતી. આ મુક્તિ સંગ્રામનું જૂનાગઢ અને સોરઠની પ્રજા માટે અત્યંત મહત્વ રહેલું છે જૂનાગઢને મુક્તિ અપાવવાનાં જંગમાં જોડાયેલ આરઝી હકુમતનાં નામી અનામી સૈનિકોને કોટી-કોટી વંદના....

**:: માહિતી સંદર્ભ ::**
૧.સૌરાષ્ટ્રભૂમિના સંગ્રહમાંથી, ૨.શ્રી રતુભાઈ કોઠારી (ગોંડલ)ના જૂનાગઢની લોકક્રાંતિ પુસ્તક, ૩. શ્રી દોલત ભટ્ટની આઝાદી જંગના લડવૈયા પુસ્તીકામાંથી સાભાર.

### દશેરાનાં શુભ દિવસે કરાયેલ 'વિજયકુચ' બાદ આરઝી હકુમત સૈનિકોની વિવિધ ટુકડીઓએ એક પછી એક ગામો સર કર્યા : ૯ મી નવેમ્બર ૧૯૪૭ ના જૂનાગઢને મળી સંપૂર્ણ આઝાદી

# અમદાવાદ શહેર જે ડીવીઝનના એસીપી પ્રદીપસિંહ જાડેજા દ્વારા ઈરાની ગેંગ અંગે લોકોને સાવચેત કરાયા





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૪

તાજેતરમાં તહેવારોની સિઝન ચાલતી હોય, જુદી જુદી ગેંગો દ્વારા લોકોને છેતરી તેમજ ચોરી કરવાની પેરવીઓ કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને પોલીસ તરીકેની ઓળખ આપી, પોલીસના સ્વાગમાં વાહન ચેકીંગના બહાને ચોરી કરવાની તેમજ દાગીના પડાવી લેવાની મોડસ ઓપરેન્ડી ધરાવતી ઈરાની ગેંગ પણ તહેવારોના સમયે સમગ્ર ગુજરાતમાં સક્રિય બને છે. અમદાવાદ શહેરના પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્રસિંહ મલિક તથા ઈન્ચાર્જ સેકટર ૦૨ નીરજ બડગુજર તથા અમદાવાદ શહેર ડીસીપી ઝોન ૦૬ રવિ મોહન સૈની દ્વારા તહેવારોના સમયમાં ખાસ કરીને અમદાવાદ શહેરમાં જે ડિવિઝનના એસીપી પ્રદીપસિંહ જાડેજા તથા કે ડિવિઝન એસીપી યુવરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી હાથ ધરી, આ સમયમાં ચોરી, લૂંટ તેમજ છેતરપીંડી કરતી જુદી જુદી ગેંગના આરોપીઓ દ્વારા આચરવામાં આવતી મોડ્સ ઓપરેન્ડીથી માહિતગાર કરી, સાવચેતી રાખવા માટે સચેત કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરમાં જે ડિવિઝનના એસીપી પ્રદીપસિંહ જાડેજા તથા કે ડિવિઝન એસીપી યુવરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ વટવા પીઆઈ કે.એ.ગઢવી, મણિનગર પીઆઈ ડી.પી.ઉનડકટ, ઈસનપુર પીઆઈ બી.એસ.જાડેજા, જીઆઈડીસી પીઆઈ આર.એમ.પરમાર, કાગડાપીઠ પીઆઈ એસ.એ.પટેલ, એસ.એસ.સોલંકી, દાણીલીમડા પીઆઈ જી.જે.રાવત તથા નારોલ પીઆઈ પી.સી.દેસાઈ તથા સ્ટાફ દ્વારા શહેર વિસ્તારના ઝોન ૦૬ હેઠળ આવતા પોલીસ સ્ટેશનો ખાતે અલગ અલગ ટીમો બનાવી, ફૂટ પેટ્રોલિંગ તથા વાહન ચેકીંગ દરમિયાન લોકોને માહિતગાર કરવાનો નવતર પ્રયોગ હાથ ધરી, તહેવારોના સમયમાં લોકોને સાવચેત કરવા કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. આ અંગે જુદા જુદા વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ તેમજ વાહન ચેકીંગ દરમિયાન ભીડભાડ વાળા બજારના વિસ્તારમાં લોકોને એકત્રિત કરી, સાવચેત રહેવા માટે જાણ કરવામાં આવે છે. ઉપરાંત ઝોન ૦૬ ના સાતેય પોલીસ સ્ટેશન ખાતે બજારમાં અલગ અલગ ભીડભાડ વાળી આશરે ૪૫ થી ૫૦ જગ્યાઓ ઉપર ઈરાની ગેંગ ના ભૂતકાળમાં પકડાયેલ આરોપીઓના ફોટા સાથેના પોસ્ટર મૂકી, સાવચેત રહેવા તથા વિસ્તારમાં જણાઈ આવે તો, નજીકના પોલીસ સ્ટેશન અથવા પોલીસ કંટ્રોલ રૂમ માં ૧૦૦ નંબર ઉપર જાણ કરવા પણ માહિતગાર કરવામાં આવેલ છે.

**ઈરાની ગેંગની મોડ્સ ઓપરેન્ડી**

પોલીસ તરીકેની ઓળખ આપવાની, સિવિલ ડ્રેસ એટલેકે સાદા કપડામાં હોય છે, ટૂંકા વાળ હોય છે, મોટી ઉંમરના વૃદ્ધ અથવા આધેડ લોકોને ટાર્ગેટ કરવાના, ખાસ કરીને મહિલાઓને ટાર્ગેટ કરે છે. અહિયાથી નજીકમાં ખૂન અથવા લૂંટનો બનાવ બનેલ છે, તમારા ઘરેણાં કાઢી નાંખો, રૂમાલમાં બાંધવાનું કહી, ઘરેણા કઢાવી, રૂમાલમાં મુકવાનો ડોળ કરી, નજર ચૂકવી, ઘરેણાં સેરવી લેવા અને ખાલી રૂમાલ વૃદ્ધ વ્યક્તિના થેલી થેલામાં મુકાવી દેવાના અને રફુ ચક્કર થઈ જવાનું. સામાન્ય રીતે મોટર સાયકલ ઉપર આવે છે, ડબલ સવારીમાં હોય છે, ક્યારેક બે મોટર સાયકલ ઉપર ચાર જણા પણ હોય છે.

**ઈરાની ગેંગથી સાવચેત રહેવાના મુદ્દાઓ**

પોલીસ સિવિલ ડ્રેસમાં હોય તો, આઈકાર્ડ માંગવું, આઈકાર્ડ ના આપે તો મોટર સાયકલનો નંબર લઈ લેવો, નજીકના પોલીસ સ્ટેશન અથવા ૧૦૦ નંબર ઉપર પોલીસ કંટ્રોલ રૂમનો સંપર્ક કરવો. મોટી ઉંમરના વૃદ્ધો સાથે તહેવારના સમયે કોઈની સાથે રહેવું, એકલા જતા હોય તો જરૂરિયાત પૂરતા સોનાના દાગીના પહેરવા હિતાવહ. કોઈપણ જગ્યાએ ગમે તેવો ગંભીર ગુન્હો બને તો, પોલીસ દાગીના ઉતરાવતી નથી. જે બાબત દરેક વ્યક્તિઓને જણાવવી જેથી પોલીસ દાગીના ઉતારીને જવાની વાત કરે તો, તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશન અથવા કંટ્રોલ રૂમનો સંપર્ક કરી, ડુપ્લીકેટ પોલીસ હોવાની જાણ કરવી. આવા લોકો રોકે અથવા ઘરેણાં ઉતારવાની વાત કરે તો, આજુબાજુના લોકોને ભેગા કરી, પોલીસને જાણ પણ કરી શકાય. જેથી પોલીસ દ્વારા વ્યવસ્થિત વેરિફિકેશન કરી શકાય. આમ, અમદાવાદ શહેરના પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્રસિંહ મલિક તથા ઈન્ચાર્જ સેક્ટર ૦૨ નીરજ બડગુજર તથા અમદાવાદ શહેર ડીસીપી ઝોન ૦૬ રવિ મોહન સૈની દ્વારા અમદાવાદ શહેરની જનતાને તહેવારોના સમયમાં સાવચેત કરવા માટે અમદાવાદ શહેરની જનતાને સુરક્ષીત સલામત રાખવા માટે પણ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# માણેકવાડા ગામે રહેતા મહિલાને જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

કેશોદના માણેકવાડા ગામે રહેતા મહિલાને બસમાં ટાપલીઓ મારી જ્ઞાતિપ્રત્યે હડધુત કર્યાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે ગૌરીબેન રમેશભાઈ મુછડીયાએ વિક્રમ હમીરભાઈ વીરડા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીને જૂનાગઢ કોર્ટમાં નીવેદન લખાવવા જવાનું હોય જેથી તેમના ગામમાં બસ સ્ટેશન પરથી બસમાં બેસી જૂનાગઢ જતા હોય ત્યારે આરોપીએ ફરીયાદીનો પીછો કરી વંથલી બસ સ્ટેશન પરથી ફરીયાદીની પાછળની સીટમાં બેસી ફરીયાદીને માથામાં ટાપલીઓ મારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસ કેશોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ઈ.ચા. ના.પો.અધિક્ષક એસસી/એસટી સેલ બી.સી.ઠકકરે હાથ ધરી છે.

## ઘેડ પંથકની સમસ્યાઓનું આજીવન સમાધાન કરવા માટે

# પોરબંદર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાના સઘન પ્રયાસોને આવકારતા જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી કિરીટભાઈ પટેલની યાદી જણાવે છે કે, જુનાગઢ તથા પોરબંદરના ઘેડ વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોમાં વધારે વરસાદના કારણે પાણી ભરાવવાથી ઘેડ વિસ્તારના ગામો સંપર્ક વિહોણા બને છે. અને તેને મેડીકલ કે અન્ય કોઈ સહાય પહોંચાડી શકાતી નથી. ઉપરાંત ભારે વરસાદના કારણે પાણી ભરાવવાથી ખેડુતોને પાકમાં મુશ્કેલી સર્જાય છે. અને આર્થીક નુકશાની પણ સહન કરવી પડે છે. આ ઘેડ પંથકની સમસ્યાઓનું આજીવન સમાધાન કરવા માટે પોરબંદર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાના સઘન પ્રયત્નો અન્વયે સરકાર દ્વારા ઘેડ વિસ્તારમાં સર્વે કરવા માટે માર્ગ અને મકાન વિભાગમાં (પી.ડબલ્યુ.ડી) અંદાજે રૂ. ૪ કરોડ મંજુર કરવામાં આવેલ છે.

આ સર્વેમાં ઘેડ વિસ્તારના રોડ તથા નાળા-પુલીયા નુ સર્વે કરવામાં આવશે. સર્વે બાદ તે કામોનુ બજેટ મંજુર કરી અને તે કામો કરવામાં આવશે જેના કારણે ઘેડ વિસ્તારમાં ચોમાસા દરમ્યાન વારંવાર પાણી ભરાવાથી સર્જાતિ મુશ્કેલીઓનો આજીવન અંત આવશે. અને વધારે વરસાદ પડે તો પણ ઘેડ વિસતારનું એક પણ ગામ સંપર્ક વિહોણુ ના બને અને જરૂરી મદદ તાત્કાલીક પહોંચાડી શકાશે. પોરબંદર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાના સઘન પ્રયાસોના કારણે ઘેડ વિસ્તારની મોટી સમસ્યાનો આજીવન અંત આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં પડેલા ભારે વરસાદના કારણેપોરબંદર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાના દ્વારા ઘેડ પંથકના ગામડાઓનો પ્રવાસ કરી તેની રજુઆતો સાંભળીને ગુજરાત સરકાર દ્વારા અતિવૃષ્ટીના કારણે થયેલ પાક નુકશાન માટે આર્થીક સહાય જાહેર કરેલ છે.

# જૂનાગઢ તાલુકાનાં ઝાલણસર ગામની સીમમાં ગેરકાયદે ફટાકડાનું વેચાણ કરનાર બે સામે ફરીયાદ




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ તાલુકાના ઝાલણસર ગામની સીમમાં ગોડાઉનમાં ફટાકડાનું વેચાણ અને સંગ્રહ કરવાનો પરવાનો ન હોવા છતાં ફટાકડા વેચનાર બે શખ્સો સામે જૂનાગઢ તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે એસઓજીના એએસઆઈ જીતેન્દ્રસિંહ અભેસિંહે ફરીયાદી બની આરોપી તરીકે અશ્વીન ધનજીભાઈ વોરા અને નરેશ પુનાભાઈ ચોથાણી વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓ પાસે ફટાકડા વેચાણ કરવા કે સંગ્રહ કરવા અંગેનો પરવાનો ન હોવા છતાં ભેગા મળી ગોડાઉનમાં અલગ અલગ ૧૬૦ બ્રાન્ડના ફટાકડા કિ.રૂા.૨૧,૦૪,૧૩૫નો જથ્થો રાખી ગોડાઉન ઉપર માનવ જીંદગી જોખમાય તે રીતે ફાયર સેફટીના કોઈપણ સાધનો ન રાખી ફટાકડાનું વેચાણ કરતા હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.કે.ડામોરે તપાસ હાથ ધરી છે.

## માણાવદર : રોડ ઉપરથી કચરો ન ઉપાડે તો ધારાસભ્ય અરવીંદભાઈ લાડાણીનો કોન્ટેક કરવો

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૪ : માણાવદર ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી પાલિકા તંત્ર સામે છેલ્લા ઘણા સમયથી ખફા છે. કારણ જનહિતમાં જોઈએ તેવી કામગીરી થઈ નથી તેઓએ યાદીમાં જણાવ્યું છે કે, શહેરમાં દિવાળી જેવા તહેવારોમાં પાલિકા દ્વારા રોડ ઉપર કચરાના ઢગલા પડેલ છે તે ૨૭-૧૦ સુધીમાં ઉપાડવામાં ન આવે તો તેઓને ફોટા અને સ્થળ લખી વોટસએપ નં. ૯૯૦૯૪૪૧૧૦૫ ઉપર જાણ કરવી. પાલિકાને જાણ કરવી જેથી એમ ન કહી શકે કે જાણ નથી.

# જૂનાગઢના પ્લાસવા ગામે આવેલ શનિદેવધામના દિનશભાઈ ભાયાણીનું અવસાન : કાલે પ્રાર્થના સભા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ નજીક આવેલ પ્લાસવા ગામે તપોવન શૈક્ષણીક સંકુલની બાજુમાં આવેલ શનિદવ ધામના સેવક અને પુ. એકનાથજી માતાજી ગુરૂશ્રી તુલસીનાથ બાપુના પુર્વાશ્રમના પિતાજી ભાયાણી દિનેશભાઈ નંદલાલભાઈ (ઉ.વ.૬૭)નું તા.૨૨ના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા શુક્રવારના રોજ સાંજે ૪થી ૬ પ્લાસવા શનિદેવધામ ખાતે પુ. તુલસીનાથ બાપુની ઉપસ્થિતિમાં રાખેલ છે. તેમજ સુંદરકાંડના પાઠનું પણ આયોજન કરાયું છે.

# રાજ્યમાં ઓગષ્ટ-૨૦૨૪ મહિનામાં વરસેલા ભારે વરસાદથી નુકશાનગ્રસ્ત વિસ્તારના ખેડૂતો માટે સરકાર દ્વારા કૃષિ રાહત-સહાય પેકેજ જાહેર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રૂા.૧૪૧૯.૬૨ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર : પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલે કરી જાહેરાત

### અસરગ્રસ્ત ખેડૂતોને SDRFના નિયમો પ્રમાણે તેમજ નુકશાનની તીવ્રતાને ધ્યાને લઈ રાજ્ય ભંડોળમાંથી વધારાના રૂા. ૩૨૨.૩૩ કરોડની ટોપ-અપ સહાય પણ અપાશેઃ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ

જૂનાગઢ, તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં ખેડુત હિતલક્ષી મહત્વનો નિર્ણય કરાયો છે. રાજયમાં તાજેતરમાં ભારે વરસાદથી થયેલ નુકશાનને પગલે રાજ્ય સરકાર દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે જેની વિગતો આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ એ જણાવ્યું હતું કે, ગુજરાતના કેટલાક જિલ્લામાં ઓગષ્ટ-૨૦૨૪ માસ દરમ્યાન વરસેલા વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે. આવી વિકટ પરિસ્થિતિમાં જગતના તાતને આર્થિક નુકશાનીમાં સહાયરૂપ થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મંજૂરીથી રાજ્ય સરકાર દ્વારા ઉદાર હદયે રૂા.૧૪૧૯.૬૨ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.જેમાં રૂા.૧૦૯૭.૩૧ કરોડ SDRF હેઠળ અને રાજ્ય બજેટમાંથી સહાય પેટે રૂા. ૩૨૨.૩૩ કરોડ ચૂકવાશે.

મંત્રી શ્રી પટેલે રાહત પેકેજ અંગે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, ઓગષ્ટ માસમાં પંચમહાલ, નવસારી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, ખેડા, આણંદ, વડોદરા, મોરબી, જામનગર, કચ્છ, તાપી, દાહોદ, રાજકોટ, ડાંગ, અમદાવાદ, ભરૂચ, જૂનાગઢ, સુરત, પાટણ અને છોટા ઉદેપુર એમ ૨૦ જિલ્લાના મળી કુલ ૧૩૬ તાલુકાના કુલ ૬૮૧૨ ગામોમાં ભારે વરસાદ વરસતા અસરગ્રસ્ત થયા હતા.

આ અસરગ્રસ્ત વિસ્તારમાં વિવિધ ટીમોની રચના કરી વિગતવાર સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. કુલ ૧૨૧૮ જેટલી ટીમોએ આ અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વે હાથ ધર્યો હતો. જેના આધારે આશરે ૭ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે.

ખેડૂતોને નિયમોનુસારની સહાય આપવા માટે નિયત કરાયેલા ધોરણો અંગે વાત કરતા મંત્રીએ કહ્યું હતું કે, અસરગ્રસ્ત ખેડૂતોને SDRF-સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણો મુજબ પાક નુકશાની માટે સહાય આપવામાં આવશે. સાથે જ નુકશાનની તીવ્રતાને ધ્યાને રાખીને રાજ્ય ભંડોળમાંથી/રાજ્ય બજેટ હેઠળ વધારાની રૂા.૩૨૨.૩૩ કરોડની ટોપ અપ સહાય અપાશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે કૃષિ રાહત પેકેજ માટે રાજ્ય સરકારે નિયત કરેલા ધોરણો વિશે વિસ્તૃત વિગતો આપી હતી.તદ્અનુસાર,

(૧) ખરીફ ૨૦૨૪-૨૫ ઋતુના વાવેતર કરેલા બિનપિયત ખેતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂા. ૮,૫૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂા.૨,૫૦૦ સહાય મળી કુલ રૂા.૧૧,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

(૨) વર્ષાયુ અથવા પિયત પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂા.૧૭,૦૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂા. ૫,૦૦૦ સહાય મળી કુલ રૂા.૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

(૩) બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂા. ૨૨,૫૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

આ ઉપરાંત જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે નિયત ધોરણો મુજબ જો સહાય ચૂકવવા પાત્ર રકમ રૂા.૩,૫૦૦ કરતાં ઓછી થતી હોય, તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા રૂા.૩૫૦૦ ચૂકવવામાં આવશે.

જેમાં SDRF ઉપરાંતની તફાવતની રકમ રાજ્ય બજેટમાંથી ચૂકવવામાં આવશે. આ પેકેજેમાં બિન પિયત પાકો માટે રૂા.૪૭૫.૭૧ કરોડ, પિયત પાકો માટે રૂા. ૯૪૨.૫૪ કરોડ અને બહુવર્ષાયુ પાકો માટે રૂા.૧.૩૭ કરોડ મળી કુલ રૂા. ૧૪૧૯.૬૨ કરોડ સહાય ચૂકવવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું

અત્રે નોંધનીય છે કે, ખેડૂતોને સહાય આપવા અંગે સંબંધિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ગામોની યાદી જાહેર કરવામાં આવશે. સહાય માટે નુકસાનગ્રસ્ત ગામોના નિયત નુકસાન ધરાવતા ખાતેદાર ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટર ઉપરથી સાધનિક આધાર પુરાવા સાથે ડિજીટલ ગુજરાત પોર્ટલ ઉપર અરજી કરવાની રહેશે.

# તંદુરસ્ત ભવિષ્યના નિર્માણ માટે રાસાયણીક કૃષિને બદલે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને અપનાવીએ

### પ્રાકૃતિક કૃષિ એટલે પરંપરાગત રાસાયણિક કૃષિ દ્વારા ઊભા થતા પડકારોનો ઉકેલ

જૂનાગઢ, તા.૨૪

આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી તેમજ ગુજરાત રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ નિરંતર પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપતા રહ્યા છે અને આ ઝુંબેશ માં રાજ્યના તમામ ખેડૂતો જોડાઈ તે માટે સદા પ્રયત્નશીલ છે. જેમા રાસાયણિક કૃષિ પદ્ધતિને બદલે વર્ષોથી ચાલી આવતી પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે સરકાર દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. માનવીના સ્વાસ્થ્યની સાથે જમીન સંરક્ષણ અને પર્યાવરણની જાળવણી માટે પણ પ્રાકૃતિક કૃષિ એટલી જ જરૂરી છે. રાસાયણિક કૃષિ પદ્ધતિઓના વ્યાપક ઉપયોગને કારણે પર્યાવરણ, માનવ સ્વાસ્થ્ય પર તેની હાનિકારક અસરો પડી છે. હવે સમય, તંદુરસ્ત ભવિષ્યના નિર્માણ માટે રાસાયણીક કૃષિને બદલે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને અપનાવવાનો છે.

રાસાયણિક ખાતરો અને જંતુનાશકો જમીનનું ધોવાણ કરે છે. જેથી જમીનની કુદરતી રચનામાં વિક્ષેપ પડે છે, કાર્બનિક પદાર્થોને ઘટાડે છે અને જમીનની ફળદ્રુપતા માટે જરૂરી એવા મહત્વપૂર્ણ સુક્ષ્મ સજીવોનો નાશ કરી નુકસાન તરફ દોરી જાય છે. આ સુક્ષ્મજીવો જમીનની તંદુરસ્તી અને ફળદ્રુપતા જાળવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. રાસાયણિક ખાતરોનો વધુ પડતો ઉપયોગ જમીનમાં જરૂરી પોષક તત્વોની ઉણપ તરફ દોરી જાય છે, પરિણામે અસંતુલન થાય છે જે પાકના આરોગ્ય અને ઉપજને અસર કરે છે. હવે જાણીએ રાસાયણિક કૃષિની સરખામણીએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ કેવી રીતે પ્રભાવશાળી અને વધુ ફાયદાકારક છે. રાસાયણિક કૃષિને બદલે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનવવાનો અર્થ છે તંદુરસ્ત સમાજ નિર્માણની સાથે સ્વસ્થ ભવિષ્યનું સર્જન કરવું.


પ્રાકૃતિક ખેતી અસંખ્ય ફાયદાઓ આપે છે જે પર્યાવરણની સાથેસાથે ખેડૂતો અને ગ્રાહકો માટે લાભદાયી છે. પ્રાકૃતિક કૃષિ ટકાઉ કૃષિ પદ્ધતિઓ સુનિશ્ચિત કરે છે જે ઉત્પાદકતા જાળવી રાખે છે અને પાકની ગુણવત્તામાં વધારો કરે છે. પ્રાકૃતિક કૃષિ મોંઘા રાસાયણિક ખાતરો પર નિર્ભરતા શૂન્ય કરે છે. ખેડૂતો પોતાના જ ખેતરમાંથી ઉત્પન્ન થતાં કુદરતી જીવામૃતનો ઉપયોગ કરી નોંધપાત્ર રીતે ખર્ચ ઘટાડે છે.

પ્રાકૃતિક રીતે ઉગાડવામાં આવતા પાક વધુ સારા સ્વાદ, પોષણ મૂલ્ય સાથે ઉચ્ચ ગુણવત્તાવાળા હોય છે. તેનાથી ખેડૂતોને વધુ સારી આવક અને બજાર ભાવ વધારે મળે છે. પ્રાકૃતિક કૃષિની પદ્ધતિ જમીનની ઉત્પાદકતા અને ફળદ્રુપતાને જાળવી રાખે છે અને તેમાં વધારો પણ કરે છે. જે લાંબા ગાળાની કૃષિ સદ્ધરતા સુનિશ્ચિત કરે છે. સજીવ ખેતી જમીન, પાણી અને સમગ્ર પર્યાવરણ ઉપર થતી નકારાત્મક અસરને ઘટાડે છે.

પ્રાકૃતિક કૃષિના આવા અઢળક ફાયદાઓ છે જે ખૂબ જ આવકારદાયી છે. પ્રાકૃતિક કૃષિ પરંપરાગત રાસાયણિક કૃષિ દ્વારા ઊભા થતા પડકારોનો ઉકેલ પૂરો પાડે છે. તે ઉચ્ચ-ગુણવત્તાવાળા પાકનું ઉત્પાદન સુનિશ્ચિત કરે છે, જમીનની તંદુરસ્તી જાળવી રાખે છે, પર્યાવરણને થતા નુકસાનને ઘટાડે છે અને ખેડૂતોને આર્થિક લાભ આપે છે. પ્રાકૃતિક કૃષિની પદ્ધતિઓ અપનાવીને, ખેડૂતો લાંબા ગાળાની ઉત્પાદકતા હાંસલ કરી શકે છે, સારી બજાર કિંમતો મેળવી શકે છે અને તંદુરસ્ત વાતાવરણ અને તંદુરસ્ત સમાજમાં યોગદાન આપે છે.

# ૧૬મું નાણાપંચ જૂનાગઢ જીલ્લાના સાસણની મુલાકાતે

### નાણાપંચના સભ્યોએ વન્ય પ્રાણીઓ તેમજ પક્ષીઓ વિશે વિસ્તૃત માહિતી મેળવી તેમના રક્ષણ માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓની સરાહના કરી




જૂનાગઢ, તા. ૨૪

ભારતમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે મહેસુલની વહેંચણી અંગેની ભલામણો કરવા માટે ભારત સરકાર દ્વારા રચવામાં આવેલી સંસ્થા એટલે ૧૬ મું નાણાપંચ જે એક એપ્રિલ ૨૦૨૬ થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળાને આવરી લેશે. જે અંતર્ગત સંબંધિત રાજ્યોની મુલાકાતમાં હાલ ગુજરાતની મુલાકાત દરમિયાન જૂનાગઢના સાસણની મુલાકાત લઈ વિસ્તૃત માહિતી મેળવી હતી. ૧૬માં નાણાં પંચના અધ્યક્ષ શ્રી ડો.અરવિંદ પાનાગરિયા અને સભ્યો સર્વશ્રી એની જ્યોર્જ મેથ્યૂ, ડૉ. મનોજ પંડા અને સૌમ્યકાંતિ ઘોષ સાથે ટીમનાં સભ્યો સાસણ ખાતે આવી પહોંચતા જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવશીયા અને સાસણ વન વિભાગનાં નાયબ વન સંરક્ષક ડો. રામ મોહને સૌને આવકાર્યા હતા.

નાણાપંચનાં સભ્યોએ ગીરની આગવી ઓળખ એવા ધમાલનૃત્યને નિહાળી ગીરની સંસ્કૃતિનાં દર્શન કર્યા હતા. ઉપરાંત સાસણ સિંહ સદન ખાતેની મુલાકાત દરમિયાન નાયબ વન સંરક્ષક ડૉ. રામ મોહન દ્વારા વિશ્વમાં એક માત્ર સાસણમાં જોવા મળતા એશિયાટીક સિંહ તથા સાસણ ગીર અભ્યારણ્યમાં વસવાટ કરતા અન્ય વન્ય પ્રાણીઓ તેમજ પક્ષિઓ વિશે વિસ્તૃત માહિતી મેળવી તેમના રક્ષણ માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓની સરાહના કરી હતી. અને સાસણ અભ્યારણ્યમાં ફરજ બજાવતા કર્મચારીઓ સાથે વાર્તાલાપ કરી કામગીરી અંગે ચિતાર મેળવ્યો હતો. આ તકે કલેકટરશ્રી અનિલકુમાર અને મેંદરડા પ્રાંત અધિકારી સુશ્રી હિરલ ભાલાળા પાસેથી ગ્રામીણ વિસ્તારની વિવિધ જરૂરિયાતો અને વિકાસના વિવિધ કામ અંગે ઉચિત સંશાધન, પ્રાપ્ત ફંડ અને વિકાસના વિવિધ કામોની પ્રગતિ વિશે માહિતી મેળવી હતી. ૧૬માં નાણાપંચનાં સભ્યોએ ગીરની ખુશ્બુ એવા વનરાજોને વનપ્રદેશમાં વિહરતા, અને વન્ય જીવસૃષ્ટીનાં સંવર્ધન માટે વનવિભાગે લીધેલ પગલા અંગે નાયબ વનસંરક્ષક પાસેથી જાણકારી મેળવી સફારી પાર્કની પ્રત્યક્ષ મુલકાત લીધી હતી.

# ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વવિદ્યાલયનું પ્રાદેશિક કેન્દ્ર જૂનાગઢ ખાતે પ્રારંભ થવાનાં અણસાર

### મુક્ત શિક્ષણ દ્વારા દેશનાં દુરગમ્ય વિસ્તારોમાં રહેતા અભ્યાસવાંચ્છુને ઉચ્ચશિક્ષણની સમાન તકો મળે તે માટે થશે ઉપયોગી : પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની સૌજન્ય મુલાકાત દરમ્યાન જૂનાગઢ ખાતે ઈગ્નુ પ્રાદેશિક કેન્દ્ર કાર્યાન્વીત થાય તે દિશામાં રજુ થયો પ્રસ્તાવ**



જૂનાગઢ, તા. ૨૪

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઈગ્નુ) ભારતની એક મધ્યસ્થ મુક્ત યુનિવર્સિટી છે, મૈદાન ગઢી,નવી દિલ્હી ખાતે કાર્યરત ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વ વિદ્યાલય ભારતનાં ભુતપુર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની યાદમાં રાખવામાં આવેલ છે. આ યુનિવર્સિટીની સ્થાપના ૧૯૮૫માં ભારત સરકારનાં ઈગ્નુ કાયદા હેઠળ કરવામાં આવેલી હતી.આજ રોજઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીનાંક્ષેત્રિય નિર્દેશક ડો. જીતેન્દ્રસિંહ, સહાયક ક્ષેત્રિય નિર્દેશક ડો. વિશાલકુમાર સોની, નાયબ રજીસ્ટ્રાર ડો. અંબરીશકુમાર વેદભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની સૌજન્ય મુલાકાતે પધાર્યા હતા.

આ પ્રસંગે ભક્તકવિ નરસીંહ મહેતા યુનિવર્સીટીનાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ અતિથીઓને આવકારી પુષ્પગુચ્છ અને યુનિ.ની સ્મૃતિભેટથી સત્કાર્યા હતા.સાથે ઈગ્નુ-રાજકોટથી પધારેલ પ્રાદેશિક નિયામક ડો. જિતેન્દ્રસિંહ અને ટીમને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા રાજ્યનાં ચાર જિલ્લાનાં ક્ષેત્રીય વિસ્તારમાં ચાલતા ઉચ્ચ અભ્યાસ અને યુનિ.નાં ૧૧ જેટલા અનુસ્નાતક ભવનોમાં તથા શોધ સ્કોલર્સ દ્વારા થતા સંશોધનોની વિગતે જાણકારી આપી હતી. અને પત્રાચાર દ્વારા થતાં અભ્યાસ અંગે પ્રતિભાવાત્મક વાત કરતા ડો. ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી દ્વારા ચલાવાત મુક્ત શિક્ષણ દ્વારા દેશનાં દુરગમ્ય વિસ્તારોમાં રહેતા અભ્યાસવાંચ્છુને ઉચ્ચશિક્ષણની સમાન તકો મળે તે માટે ઉપયોગી થશે.

આ પ્રસંગે રાજકોટથી પધારેલ , ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીનાં ક્ષેત્રિય નિર્દેશક ડો. જિતેન્દ્રસિંહે જણાવ્યુ હતુ કે સોરઠ પ્રદેશમાં ગિર-ગીરનાર-બરડો) આલેચ જેવા વનક્ષેત્રિય વિસ્તારો અને વિશાળ સાગરતટની સમીપે વસતા લોકોનો પ્રદેશ છે. ભારત સરકારશ્રી દ્વારા જન-જન કા વિશ્વવિદ્યાલય- ઈગ્નુ દ્વારા ઉચ્ચ અભ્યાસની તક સૌને મળે તે દિશામાં કાર્યરત છે. ઈગ્નુ નું હાલ રાજકોટ ખાતે પ્રાદેશિક કેન્દ્ર કાર્યરત છે. સૌરાષ્ટ્ર યુનિ.માંથી ચાર જિલ્લા આવરીને નવિ બનેલ ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વવિદ્યાલય જે રીતે શૈક્ષણીક કાર્યક્રમો સાથે કામ કરી રહી છે તે જોતા આ વિસ્તારમાં રાજકોટની જેમ એક પ્રાદેશિક ઈગ્નુ સેન્ટર કાર્યન્વીત થાય તે દિશામાં અમો વિચારી રહ્યા છીએ.આ અંગે મંજુરી મળ્યે સોરઠ પ્રદેશને ઈગ્નુ રીજીયન સેન્ટર દ્વારા ઉચ્ચ અભ્યાસની તકોમાં ઉમેરો થશે.

ડો. અંબરીશુકમાર એચ. વેદ અને ડો. વિશાલકુમાર સોનીએ જણાવ્યુ હતુ કે યુનિવર્સિટીનો ઉદ્દેશ મુક્ત શિક્ષણ દ્વારા લોકોને ઉચ્ચશિક્ષણ મળે તે સાથે દેશનાં માનવસંશાધનનો વિકાસ અને શિક્ષણનાં પ્રસારનો રહેલો છે .યુનિવર્સિટી દેશમાં મુક્ત શિક્ષણનાં સંશોધન,પ્રસારણ અને પ્રશિક્ષણમાં પણ મધ્યસ્થ સંસ્થાનો ભાગ ભજવે છે. ૧૯૯૦ની સાલમાં યુનિવર્સિટી ગ્રાંટ કમિશન દ્વારા તેને સત્તાવાર માન્યતા પ્રાપ્ત થઈ હતી. આ યુનિવર્સિટીમા એશિયા અને આફ્રિકન રાષ્ટ્રો સહીત દેશના વિદ્યાર્થીઓએ લાભ લીધો છે.ઈગ્નુ દ્વારા ૨૧ જેટલી વિદ્યાશાખાઓ ૨૬૬૭ જેટલા વિવિધ અભ્યાસ કેન્દ્રો, ૬૭ જેટલા ક્ષેત્રીય કેન્દ્રો અને ૨૯ જેટલા વિદેશમાં આવેલ કેન્દ્રો ખાતે ચલાવવામાં આવે છે . ઈગ્નુ વિવિધ વિદ્યાશાખાઓમાં ૨૨૬ જેટલા કાર્યક્રમો સ્નાતક, અનુસ્નાતક,ડિપ્લોમા અને પ્રમાણપત્રોની પદવી આપતા અભ્યાસક્રમો ચલાવે છે. શાળા, માનવવિદ્યા શાખા,સામાજીક વિજ્ઞાન શાખા, વિજ્ઞાન શાખા, શિક્ષણ્ શાખા, મુક્ત શિક્ષણ શાખા,ઈજનેરી અને પ્રદયોગીકી શાખા,મેનેજમેન્ટ શિક્ષણ શાખા, આરોગ્ય વિજ્ઞાન શાખા, કોમ્પ્યુટર અને આઈ.ટી .શાખા, ક્રુષી શાખા, કાયદા શિક્ષણ શાખા,પત્રકારત્વ અને નવમિડિયા શાખા,જાતી અને વિકાસ શિક્ષણ શાખા, પ્રવાસન્ અને હોટેલ મેનેજમેન્ટ શાખા, ઈન્ટરડિસીપ્લિનરી અને ટ્રાન્સ ડિસીપ્લિનરી શાખા, સમાજસેવા શિક્ષણ શાખા,વોકેશનલ શિક્ષણ શાખા,એક્ષ્ટેન્સન અને ડેવલોપમેન્ટ શાખા,વિદેશી ભાષા શિક્ષણ શાખા,ભાષાંતર અને ભાષાંતર શિક્ષણ શાખા,પર્ફોર્મીંગ આર્ટ અને વિસ્યુઅલઆર્ટ શાખા દ્વારા શિક્ષણકાર્ય થઈ રહ્યુ છે.

## જીલ્લા રોજગાર વિનિમય કચેરી- જૂનાગઢ દ્વારા

# જીલ્લાના રોજગાર ઈચ્છુકોને રોજગારી પ્રાપ્ત થાય તે હેતુસર આવતીકાલે ભરતી મેળાનું આયોજન

જૂનાગઢ તા.૨૪

જિલ્લા રોજગાર વિનિમય કચેરી-જૂનાગઢ દ્વારા જિલ્લાના રોજગાર ઈચ્છુકોને રોજગારી પ્રાપ્ત થાય તેવા હેતુસર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ ઉષા બ્રેકો પ્રા.લી.(ઉડનખટોલા), ધ ફર્ન લિયો રીસોર્ટ એન્ડ ક્લબ(વાસ સુંદર ઓર્ગેનાઈઝર), તથા સવાણી હેરીટેજ કંઝર્વેશન પ્રા.લી.( ઉપરકોટ) એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ માર્કેટીંગ એક્ઝ્યુકેટીવ, રીટેઈલ સ્ટોર પર્સન, આસી.ફ્રન્ટ ઓફિસ મેનેજર, સેલ્સ મેનેજર/ એક્ઝ્યુકેટીવ, ફ્રંટ ઓફિસ અટેન્ડેન્ટ, હાઉસ કિપીંગ સ્ટાફ, સીસીટીવિ ઓપરેટર, ડિઝીટલ માર્કેટીંગ એક્ઝ્યુકેટીવ, ઈલેક્ટ્રીક એન્જીનિયર, પ્લમ્બર ની જગ્યાઓ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા તેમજ હોટેલ મેનેજમેન્ટ સ્નાતક/ડિપ્લોમા ઈન ઈલેક્ટ્રીકલ, આઈ.ટી.આઈ. પ્લમ્બર, એચ.એસ.સી કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે ભરતી મેળો યોજાશે. જિલ્લા રોજગાર વિનિમય કચેરી જૂનાગઢ દ્વારા આયોજિત ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર ઈચ્છુકોએ ઉપરકોર્ટ કિલ્લો, ઢાલ રોડ, મુલ્લા વાડા, જૂનાગઢ ખાતે તા.૨૫/ ૧૦/૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો, ફોર્મલ ડ્રેશ અને રીઝ્યુમ ની કોપી સાથે ઉપસ્થિત થવાનું રહેશે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો, અનુબંધમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન લીંક રેંજ઼:/ /ઙ્ગહેહ્લઙ્ગહદ્ઘંરઙ્ગદ્ઘ.ખ્તેદ્ઘઙ્ગદ્ઘિં.ર્પ્તંદ્દૈ.હ ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકાશે તેમ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

## વિસાવદરના ૨૩ ગામ, મેંદરડાના ૧૯ ગામ અને માળીયા હાટીનાના ૨૧ ગામના લોકો મેળવી શકશે સરકારની વિવિધ યોજના અને સેવાનો લાભ

જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિસાવદર તાલુકાના પીયાવા ગીર પ્રાથમિક શાળા, મેંદરડા તાલુકાના ઝીંઝુડા પ્રાથમિક શાળા ખાતે અને માળીયા હાટીના તાલુકાના અમરાપુર પ્રાથમિક શાળા ખાતે તાલુકા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. તા.૨૫ ઓક્ટોમ્બર, ૨૦૨૪ના રોજ યોજાનાર સેવા સેતુ કાર્યક્રમમાં વિસાવદર તાલુકાના ૨૩ ગામના, મેંદરડા તાલુકાના ૧૯ ગામના અને માળીયા હાટીનાના ૨૧ ગામના લોકો રાજ્ય સરકારની વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ મેળવવા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. પ્રાથમિક શાળા ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં આવક-જાતિના દાખલા, રેશનકાર્ડ સંબંધિત કામગીરી, આધારકાર્ડ, જન્મ મરણના પ્રમાણપત્ર, ગંગા સ્વરુપા આર્થિક સહાય, નિરાધાર વૃદ્ધ - વય વંદના વગેરે યોજના, ઘરેલું વીજ જોડાણ, પીએમ સમ્માનનિધી લાભાર્થીનું ઈ-કેવાયસી, બસ કન્સેશન પાસ, કૃષિ, પંચાયત, પશુપાલન, સમાજ કલ્યાણ, આદિજાતિ વિકાસ યોજનાઓ, નવી વારસાઈ અરજીઓ સહિતની સેવાઓનો ગ્રામજનો લાભ મેળવી શકશે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# સંસ્કૃતિ અને પરંપરાઓને નકારતું 'વોક કલ્ચર'

અમેરિકામાં એક યુવતીએ પોતાના માતા-પિતા પર એટલા માટે કેસ ઠોકી દીધો, કારણ કે આ ધરતી પર પેદા કરતાં પહેલાં તેને પૂછ્યું પણ નહોતું! તેને એ નહોતું કહેવાયું કે જીવન જીવવા માટે મહેનત કરવી પડશે અને ઘર ચલાવવા માટે પૈસા કમાવા પડશે! એક વાલી રૂપે ડો.મોહન ભાગવતે આપણને ફૂટ અને અસામંજસ્યની પશ્ચિમી વિચારધારાથી ભરમાઈ જવાના ખતરાઓ પ્રત્યે સચેત કર્યા છે, જે આપણા સમાજમાં 'વોકિઝમ' અને 'સાંસ્કૃતિક માર્ક્સવાદ' રૂપે મૂળ્યાં જમાવી રહ્યું છે. દશેરાના ભાષણમાં સરસંઘચાલક ડો.મોહન ભાગવતે કહ્યું કે 'ડીપ સ્ટેટ', 'વોકિઝમ', 'કલ્ચરલ માર્ક્સસ્ટિ' જેવા શબ્દો આ દિવસોમાં ચર્ચામાં છે. તેમણે કહ્યું કે કેવી રીતે તે તમામ સાંસ્કૃતિક પરંપરાઓના દુશ્મન છે. તેમણે આપણને સચેત કર્યા કે મૂલ્યો, પરંપરાઓ અને જે કંઈ પણ સારું અને શુભ માનવામાં આવે છે તેનો સંપૂર્ણ વિનાશ આ સમૂહની કાર્યપ્રણાલીનો એક હિસ્સો છે.

સરસંઘચાલકે એ વિભિન્ન પગલાંની સ્પષ્ટ યાદી બનાવી જેના દ્વારા સાંસ્કૃતિક પરંપરાઓ પર હુમલો કરવામાં આવે છે. તેમણે કહ્યું કે પહેલું પગલું સમાજની માનસિકતાને આકાર આપનારી પ્રણાલીઓ અને સંસ્થાઓને પોતાના પ્રભાવમાં લાવવાનો છે. શિક્ષણ પ્રણાલી અને શૈક્ષણિક સંસ્થા, મીડિયા, બૌદ્ધિક પ્રવચન વગેરે તેનાં મુખ્ય ઉદાહરણ છે. તેના માધ્યમથી સમાજના વિચારો, મૂલ્યો અને વિશ્વાસને નષ્ટ કરવામાં આવે છે અને એક સાથે રહેતા સમાજમાં, એક ઓળખ-આધારિત સમૂહને તેની વાસ્તવિક કે કૃત્રિમ રૂપે નિર્મિત વિશેષતા, માંગ, આવશ્યકતા કે સમસ્યાના આધાર પર અલગ થવા માટે ઉશ્કેરવામાં કે પ્રેરિત કરવામાં આવે છે. તેમાં પીડિત હોવાની ભાવના પેદા થઈ જાય છે.

અંતિમ ચરણમાં અસંતોષને હવા આપીને એ ઓળખ-આધારિત તત્ત્વને બાકી સમાજ કરતાં અલગ કરી વ્યવસ્થા વિરુદ્ધ આક્રમક બનાવી દેવામાં આવે છે. સમાજમાં દોષ શોધીને સીધેસીધા ઝગડા પેદા કરવામાં આવે છે. તે ઉપરાંત, કાયદો-વ્યવસ્થા, શાસન-પ્રશાસન વગેરે પ્રત્યે અવિશ્વાસ અને ઘૃણાની ભાવના તીવ્ર બનાવીને અરાજકતા અને ભયનો માહોલ બનાવવામાં આવે છે. એનાથી આ દેશ પર પોતાનું પ્રભૂત્વ સ્થાપિત કરવું આસાન થઈ જાય છે. આપણી પાસે જે સીમિત સ્થાન છે, તેમાં આપણે વોકિઝમ પર ધ્યાન કેન્દ્રિત કરીએ.

વોકિઝમ છે શું? તેના મૂળ અર્થમાં વોકિઝમનો અર્થ છે આસપાસની સમસ્યાઓ પ્રત્યે જાગવું. દેખીતી રીતે તે વ્યાપક અન્યાયને દૂર કરવા માટે એક ઉમદા પ્રયાસ હતો. જોકે વોકિઝમ ત્યારે ખુદ એક વિકૃતિ બની ગયું, જ્યારે તે સાંસ્કૃતિક માર્ક્સવાદીઓ દ્વારા ફૂટ પાડવાનું એક ઉપકરણ બની ગયું. માત્ર સમાનતા અને ન્યાયના આધાર પર સમાજ અને રાષ્ટ્ર-રાજ્યની કલ્પના ન કરી શકાય. તેમને ભાઈચારો જોઈએ, તેમને એક્તાની જરૂર છે. વાસ્તવમાં સામાજિક ન્યાયના સૌથી મોટા સમર્થક ડો.આંબેડકરે કહ્યું હતું, 'હું ઈચ્છું છું કે તમામ લોકો પહેલાં ભારતીય હોય, આખરમાં ભારતીય હોય, અને કંઈ જ નહીં પણ ભારતીય હોય.' આંબેડકર એ સમયે એક પ્રાસંગિક મુદ્દો બની ગયા જ્યારે તેમણે સમાનતા અને ન્યાયના આદર્શો અને પ્રથાઓને ભાઈચારા અને એક્તા સાથે સમાહિત કરી દીધા. 'વોકિઝમ'ના અનુયાયી એવા સકારાત્મક વિચારો સાથે સહમત નથી. તેઓ ભારતની સાંસ્કૃતિક પરંપરાઓ પર હુમલો કરતાં કહે છે કે આ માત્ર અન્યાય પેદા કરે છે અને તેને ઉત્તેજન આપે છે. તે આપણી પારિવારિક વ્યવસ્થાને 'પિતૃસત્તાત્મક' કહીને તેના પર હુમલો કરે છે અને તેની નિંદા કરે છે, તે આપણા ઉત્સવો અને રિવાજોની નિંદા કરે છે, તેઓ દરેક ભારતીય સંસ્કૃતિની ટીકા કરવા માટે તેને 'રૂઢિવાદી' કહે છે. 'વોકિઝમ'ને એક્તામાં કોઈ દિલચસ્પી નથી. તેની રુચિ વિખંડનમાં છે. તે સમાજ અને વ્યક્તિઓને તેની ઓળખના આધાર પર નાના-નાના ટુકડાઓમાં તોડીને મિલન અને સદ્ભાવના કોઈપણ પ્રયાસને છિન્ન-ભિન્ન કરી દેવા માગે છે. તે 'માનવતા', 'માનવજાતિ', 'પૃથ્વી ગ્રહ', કે 'હિંદુ' જેવા એકીકૃત આંકડાઓને સ્વીકાર નથી કરતા, બલ્કે તેઓ વ્યક્તિઓને તેમના લિંગ, પંથ, જાતિ, વર્ગ, રંગ વગેરેના આધાર પર તોડે છે.

જેમ માર્ક્સ-મેકોલેએ ૧૯૪૭થી જ આપણા શિક્ષણ અને સાંસ્કૃતિક સંસ્થાઓ પર કબ્જો કરી લીધો હતો, તેથી નુકસાન થઈ ચૂક્યું હતું. અભ્યાસક્રમ સુધારમાં વર્ષો લાગી જશે. કેટલાક પુરાવાની તપાસ કરીએ. શું આપણે ધ્યાન આપ્યું છે કે કેટલાંક આખ્યાન કે વિમર્શ, વર્ષના કેટલાક નિશ્ચિત સમયે વિશેષ રૂપે જોવા-સાંભળવા મળતાં રહે છે, જેમ કે દિવાળી દરમ્યાન ફટાકડાનો ઉપયોગ, પ્રદૂષણ અને જળવાયુ પરિવર્તન પર ચર્ચા છેડાઈ જાય છે. કેટલાક ઉત્સવો દરમ્યાન 'પેટા' જેવાં સંગઠનોની ભાગીદારી જોવા મળે છે. એક વાર ફરીથી વિચાર કરો. મહિષાસુર શહાદત દિવસ ઉજવવાનો શો મતલબ છે? બહુજન સમુદાયોમાં કેટલાક લોકો અસુરોને ક્યારથી માનવા લાગ્યા? હવે એક ચક્રમ વ્યક્તિ એવો તર્ક આપશે કે જવાહરલાલ નેહરુ વિશ્વવિદ્યાલય (જેએનયુ)માં તે માત્ર કેટલાક પ્રશિક્ષિત છાત્ર અને સાર્વજનિક બુદ્ધિજીવીઓના વેશમાં કેટલાક પ્રચારક છે. પરંતુ શું ખરેખર એવું છે? એવો તર્ક આપનારે સ્થિતિની ગંભીરતા સમજી લેવાની જરૂર છે કે જો કોઈપણ વ્યક્તિ એ વાતને લઈને આશ્વસ્ત થઈ જાય છે કે તે અસુર છે, અને મા દુર્ગા 'બ્રાહ્મણવાદી કાવતરાખોર' હતાં, તો સંદેશ અહીં જ નહીં અટકે. જ્યારે અભિવ્યક્તિની સ્વતંત્રતા એક મૌલિક અધિકારછે, પરંતુ એક સંતુલન જરૂરી છે, જે વિભાજનકારી કથાઓને ફેલાવા માટે મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મોના દુરુપયોગને રોકે છે. યોગ્ય પ્રતિબંધ તરત દિમાગમાં આવે છે. ઓટીટી પ્લેટફોર્મ્સ પર આપણા દ્વારા જોવાતી કેટલીક સામગ્રી, સ્ટેન્ડઅપ કોમેડિયનોના જોક્સ અને અન્ય ચીજો પર વિચાર કરો. શું આપણે ક્યારેય એવં કશું જોયું છે જેને સામાન્ય રીતે એક્તા અને સદ્ભાવ માટે અભિવ્યક્તિની સ્વતંત્રતા રૂપે પ્રસ્તુત કરવામાં આવે છે?

આપણે રૂઢિવાદી થવાની જરૂરછે. રૂઢિવાદી એ નહીં જે માત્ર પાછળ જ જુએ છે. તે એવા વ્યક્તિ છે જે વર્તમાનનો સામનો કરે છે, અતીતને જુએ છે, શીખે છે અને ધીમે ધીમે ખુદને બદલીને આગળ વધે છે. આપણે ભૂલવું ન જોઈએ કે પશ્ચિમ હંમેશાં માર્ક્સ-મેકોલેની ધમકીઓ છતાં આપણી વચ્ચે રહે છે અને તે હંમેશાં હિંદુઓ અને ભારતીય લોકોને વિભાજિત કરવાની પૂરી કોશિશ કરશે. ડો.આંબેડકરનો મંત્ર 'શિક્ષિત બનો, આંદોલન કરો અને સંગઠિત થાવ' એ ભારતમાં નવા રાવણોનો મુકાબલો કરવામાં અને તેમને હરાવવામાં બહુ ઉપયોગી થઈ શકે છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના ધરતીપુત્રએ દ્રઢ સંકલ્પ અને પરિશ્રમથી મેળવી અભૂતપૂર્વ સિદ્ધિ

**દેવભૂમિ દ્વારકા જિલ્લાના પાનેલી ગામના વિનોદ કરમુરે મલેશિયા ખાતે આયોજિત ૧૦મી આંતરરાષ્ટ્રીય રમત ઉત્સવ ૨૦૨૪માં મેળવ્યો સુવર્ણ ચંદ્રક**

**ગુજરાતના યુવાને મલેશિયા ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય રમત ઉત્સવમાં લાંબી કૂદ તથા ઊંચી કૂદમાં હરીફોને આપી પછડાટ**




(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા. ૨૪

સામાન્ય માણસનું જીવન સીધા રસ્તા જેવું હોય છે. જયારે કંઈક કરવાના ભાવ સાથે જીવતા માણસનું જીવન ઉછળતા દરિયા જેવું હોય છે. આવો માણસ જીવે છે, ત્યારે એની અંદર જવાળાઓ ફૂંફાડા મારે છે. અંદરની આગથી જેનું લલાટ ઝળહળે છે. જેની હાજરીથી સામાન્ય લોકોમાં ઈર્ષા અને અહોભાવ ઉભય લાગણી વિના પ્રયત્ને જન્મે છે. આવા માણસને ક્રિએટીવ કહેવામાં જરાય અતિશયુક્તિ ન લાગે.


ક્રિએટિવિટી વાસ્તવમાં તો જૂદું જોવાની, જુદું કરવાની અને જુદું વિચારવાની જિદ્દ છે. આવી જ જિદ્દ મર્યાદાના ઢાંચામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના નાનકડા પાનેલી ગામમાં રહેતા ધરતીપુત્ર વિનોદ કરમુરે કરી છે. ગુજરાતની ધરા અને ગુજરાતીઓની છાતી ગજગજ ફૂલે તેવી સિધ્ધી હાંસલ કરી છે. વિનોદ કરમુરે મલેશિયા ખાતે આયોજિત ૧૦મી આંતરરાષ્ટ્રીય રમત ઉત્સવ ૨૦૨૪માં સુવર્ણ ચંદ્રક મેળવીને દેશ, રાજય અને ગામને ગૌરવ અપાયું છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજયના યુવાનોમાં રહેલી ખેલકૂદની શક્તિને ઉજાગર કરવા માટે રાજયમાં ખેલમહાકુંભનો આરંભ કરાવ્યો હતો. જેના થકી આજે રાજયના કેટલાય અંતરિયાળ વિસ્તારના યુવાનોએ રાજયનું નામ રમતગમત ક્ષેત્રે અગ્રેસર કર્યું છે. જે વાતને વિનોદ કરમુરે પણ સમર્થન આપ્યું છે.

રાજયના દરિયાઈ સીમા ઉપર આવેલા દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં નાનકડું પાનેલી ગામ આવેલું છે. આ ગામમાં રામદેભાઈ કરમુર ખેતીવાડી કરીને જીવન નિર્વાહ કરી રહ્યા છે. રામદેભાઈના દીકરા વિનોદે કઠોર પરિશ્રમ, દ્રઢ સંકલ્પ સાથે રમત ગમત ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે. સંયુકત ભારતીય ખેલ ફાઉન્ડેશન દ્વારા આયોજિત મલેશિયા ખાતે ૧૦મી આંતરરાષ્ટ્રીય રમત ઉત્સવ ૨૦૨૪માં ૨૦૦ કરતા વધારે સ્પર્ધકોને પાછળ છોડી લાંબી કૂદ તથા ઊંચી કૂદમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરી અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. માત્ર આટલું જ નહિ આગામી એશિયન ગેમ્સ માટે પણ તેમની પસંદગી થઈ હોવાનું વિનોદ કરમુરે જણાવ્યું હતું.

નાની ઉંમરથી જ રમત ગમત પ્રત્યે રૂચિ ધરાવતા વિનોદે રમત ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. જેના માટે રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભની શરૂઆતએ રમતને પ્રોત્સાહન આપવા તેમજ યુવાનો રહેલ પ્રતિભાને પ્રોત્સાહિત કરી રહ્યું છે. કુતિયાણા ખાતે અભ્યાસ કરતી વેળાએ વિનોદને રમત ગમત ક્ષેત્રે ખાસ રૂચિ થઈ, ત્યારે જ તેને આ ક્ષેત્રમાં આગળ વધવાનો દ્રઢ નિશ્ચય કર્યો હતો. ત્યારબાદ તેણે પોરબંદર ખાતે કાર્યરત ડી.એલ.એસ.એસ સ્પોર્ટ્સ સંકુલ ખાતે બે વર્ષ સુધી સખત પરિશ્રમ કર્યા બાદ ગાંધીનગર ખાતે પણ ત્રણ વર્ષ સુધી તાલીમ મેળવી હતી. હાલમાં તે આણંદ ખાતે તાલીમ મેળવી આગામી ટુર્નામેન્ટ માટે પરસેવો પાડી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, વિનોદે રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભમાં તાલુકા તથા જિલ્લા કક્ષાએ પ્રથમ તથા રાજ્ય કક્ષાએ છઠ્ઠો નંબર પ્રાપ્ત કરી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. આગામી ટુર્નામેન્ટમાં ભાગ લઈ જિલ્લા, રાજ્ય તથા દેશનું નામ રોશન કરશે તેવો આત્મવિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો છે.

# દિવાળી આવતા જ પવિત્રા ઉનામાં પૂર જોશમાં વેચાણ



(નિરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૨૩

દિવાળી નજીક આવતા જ ભગવાનને ચડાવવા માટે નવા હાર જેને પવિત્રા કહેવાય છે જે ઉનામાં કેડલ એજન્સી મેન બજારમાં વેચાણમાં અનેક વેરાયટી સાથે જોવા મળશે. લોકો દિવાળીમાં નવા હારની ખરીદી કરી રહ્યા છે.

# સલાયા નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના તાલુકાઓમાં 'સરકાર આપને દ્વાર'અને 'સેવા થકી સુશાસન'ના મંત્રને સાર્થક કરતા સેવા સેતુ કાર્યક્રમો દ્વારા નાગરિકોને વિવિધ યોજનાઓ અને સેવાઓ તેમના સ્થાને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેમાં મંગળવારે સલાયા નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત મોટી સંખ્યામાં સ્થાનિકોને આધારકાર્ડ, રેશનકાર્ડ, આયુષ્યમાન કાર્ડ, આવાસ યોજનાની સહાય સહિત વિવિધ યોજનાઓ અને સેવાઓના લાભ પૂરા પાડવામાં આવ્યા હતા.

# મોજપ ગામે યોજાયો સેવા સેતુનો લાભ લેતા ગ્રામજનો



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૨૩

રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યકિતલક્ષી રજૂઆતોના ઝડપી ઉકેલ માટે શહેરી વિસ્તારમાં અને મહાનગરપાલિકા તથા નગરપાલિકા કક્ષાએ તથા ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા કક્ષાએ સેવા સેતુ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં દ્વારકા તાલુકાના મોજપ ગામે મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ દાખલા તેમજ સર્ટિફિકેટ સ્થળ પર જ કાઢી આપીને નાગરિકોને વિતરિત કરવામાં આવ્યા હતા. નાગરિકોએ કાર્યક્રમ દ્વારા કાર્ય સરળતાથી અને એક જ સ્થળેથી થઈ જતાં આનંદ અને વ્યક્ત કર્યો હતો. સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત નાગરિકોને ઘર આંગણે જ ૫૫ પ્રકારની સેવાનો લાભ આપવામાં આવ્યો હતો.

# પોપ્યુલર સ્કૂલ ત્રંબાના આંગણે એઈમટ્રોન ફાઉન્ડેશન (USA) દ્વારા સમાજ ઉપયોગી ત્રિવિધ કાર્યક્રમ






(પંકજ ઝીબા દ્વારા)
રાજકોટ તા.૨૩

"સ્વસ્થ સમાજ સ્વસ્થ ભારત"ના હેતુને પાર પાડવા એઈમટ્રોન ફાઉન્ડેશન (યુ.એસ.એ) દ્વારા આયોજિત માનવ જિંદગી બચાવવાના ઉત્તમ પ્રયાસના ભાગરૂપે માનવતાની પરીકલ્પનાને વાચા આપનાર જેરામભાઈ વસાણીની પ્રેરણાથી એમના સુપુત્ર મુકેશભાઈ વસાણી ( ચેરમેન એઈમટ્રોન ફાઉન્ડેશન યુ.એસ.એ) પોતાના વતન કોટડા સાંગાણી તાલુકાના "નાના વડીયા" જેવા અનેક સમાજના લોકોનું ઋણ ચૂકવવા માટે સ્વસ્થ સમાજ બની શકે એવા સુભગ પ્રયાસ હાથ ધરી રહ્યા છે. તે નિમિત્તે પોપ્યુલર સ્કૂલ કસ્તુરબાધામ(ત્રંબા)ના આંગણે રકતદાન એ મહાદાન તેમજ જરૂરિયાતમંદ લોકોની સેવા સ્વરૂપે રક્તનું દાન કરી અનેકને જીવનદાન ઉપરાંત માનવીની જિંદગી બચાવવાના ઉત્તમ પ્રયાસને પાર પાડી શકીએ એવા હેતુથી રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ રક્તદાન કેમ્પમાં રેડક્રોસ સોસાયટી, રાજકોટની ટીમ ખડે પગે રહેશે. ઉપરાંત આંખમાં થતી બીમારી/ખામીથી પીડાતા વ્યક્તિઓના રોગોની ચકાસણી જેવા કે મોતિયો, જામર, વેલ, લઘુદ્રષ્ટિની ખામી તેમજ ગુરૂદ્રષ્ટિની ખામી વગેરે રોગોથી બચવા માટે "આંખનો તપાસ કેમ્પ"માં નિઃશુલ્કપણે (ફ્રી) રણછોડદાસજીબાપુ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત, આંખ હોસ્પિટલ-રાજકોટની નિષ્ણાંત ડોકટરની ટિમ સેવાનો લાભ આપશે. તેમજ "પહેલું સુખ તે જાતે નર્યા" આ બાબતને ધ્યાને લેતા આપણું શરીર તંદુરસ્ત જળવાઈ રહે તે માટે શરીરનું હેલ્થ ચેકઅપ કરાવવું અત્યંત જરૂરી હોવાથી નિઃશુલ્ક પણે એઈમટ્રોન ફાઉન્ડેશન(યુ.એસ.એ) દ્વારા આ કેમ્પનું આયજન કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત તમામ ત્રિવિધ કેમ્પનું આયોજન બુધવારે તારીખ ૨૩-૧૦-૨૦૨૪ના રોજ સમય સવારે ૮ કલાકથી બપોરનો ૧ કલાક સુધી રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં રક્તદાતાઓને એઈમટ્રોન ફાઉન્ડેશન તરફથી પ્રોત્સાહક ભેટ આપવામાં આવી હતી. એઈમટ્રોન ફાઉન્ડેશન (USA)નો ઉદેશ સમાજ શિક્ષિત અને સ્વસ્થ બને તેવા હેતુથી મહિલા સશક્તિકરણના ભાગરૂપે ત્રંબા ગામે પોપ્યુલર સ્કૂલના આંગણે સીવણ વર્ગ શરૂ કરેલ જેમાં ૧૮૦ બહેનોએ સીવણની તાલીમ નીઃશુલ્કપણે લઈને આર્થિક રીતે પગભર થયેલ. હાલમાં સરધાર ગામ મુકામે સીવણ વર્ગની તાલીમમાં આસપાસના ૮ થી ૧૦ ગામની બહેનો લાભ લઈ રહી છે. ઉપરાંત ત્રંબા મુકામે પોપ્યુલર સ્કૂલના આંગણે કોમ્પ્યુટર તાલીમ વર્ગમાં આસપાસના ગામના ભાઈ-બહેનો નીઃશુલ્કપણે તાલીમ લઈ રહેલ છે. તદુપરાંત ગુજરાતમાં બરોડા જિલ્લાના સુખલીપુર ગામે ૬ બેચ દ્વારા કુલ ૭૨ બહેનોએ સીવણ વર્ગનો લાભ લીધેલ તેમજ લીમડા (વાઘોડિયા) ગામની ૨૫ બહેનોએ સીવણ વર્ગની તાલીમ લીધેલ તેમજ ૩૦ બહેનોએ કોમ્પ્યુટર કોર્સની તાલીમ લીધેલ સાથે સાથે ઈન્ફોર્મેશન ટેકનિકલ યુગમાં ટેકનિકલ કોર્ષ ને લગતી માહિતી સમાજના નાના નાના વર્ગના ભાઈ-બહેનો લાભ લઈ શકે તેવા અભિગમથી કંપની દ્વારા ૪૫ દિવસનો વર્કશોપ યોજેલ જેમાં ૩૦ દિવસ કંપનીમાં પ્રેક્ટિકલ અને ૧૫ દિવસ શિક્ષણ પૂરૂ પાડી કુલ ૪૫ દિવસ સુધી ૨૦ વિદ્યાર્થીઓ જે ગામડાના ઉઠી ગયેલા વિદ્યાર્થીઓ છે જેમને કંપની તાલીમ આપી કૌશલ્યવર્ધન કરી કંપનીમાં જોબ પૂરી પાડેલ. ઉપરાંત ભારત સરકારની ITI જે વડોદરા જિલ્લાના સાવલી અને વાઘોડિયામાં આવેલ છે. તો સરકાર સાથે મળી બધો ખર્ચ ઉપાડી જુદા જુદા ફિલ્ડ જેવાકે ઈલેક્ટ્રિકલ ઈલેક્ટ્રોનિક્સ, મિકેનિકલ તેમજ વેલ્ડર, ફીટીંગ વગેરેમાં અનેક બાળકોને વ્યવસાયલક્ષી ટ્રેનીંગ આપી પગભર કરેલ જે ખુબજ ઉમદા પગલું છે. આમ, એઈમ ટ્રોન ફાઉન્ડેશન(USA) માનવ ઉત્થાન માટે ખૂબ મોટા સ્કેલ પર પોતાના દેશ માટે કામ કરવા ઉત્સુક છે જે ખૂબ જ સરાહિનય છે તેમ મુકેશભાઈ વસાણી(એઈમટ્રોન ફાઉન્ડેશન-USA) ચેરમેન, નિષ્ઠાબેન વસાણી(એઈમટ્રોન ફાઉન્ડેશન કોર્પોરેશન ડાયરેકટર), ગોપાલભાઈ શાહ (એઈમટ્રોન ફાઉન્ડેશન CEO), શર્મિલાબેન બાંભણીયા (એઈમટ્રોન ફાઉન્ડેશન ડાયરેકટર), મગનભાઈ પરસાણા(પોપ્યુલર સ્કૂલ ત્રંબા - કેમ્પસ ડાયરેક્ટર), ચિંતનભાઈ જોશી(એઈમટ્રોન ફાઉન્ડેશન પરિવાર)ની યાદીમાં જણાવેલ છે.

# ખંભાળિયામાં મહિલા સંસ્થા દ્વારા પ્રદર્શનનું અનોખું આયોજન

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનો આઠમા વર્ષમાં પ્રવેશ

(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયાની જાણીતી મહિલા સંસ્થા દ્વારા સતત આઠ વર્ષથી સફળતા પૂર્વક વિવિધ આયોજનો કરવામાં આવે છે. જેમાં વિવિધ તહેવારોની ઉજવણીથી લઈને પરિવાર સાથે માણી શકાય તેવા જુદા જુદા વિવિધ સાહિત્યકારો સાથે તેમજ મનોરંજનના સફળ કાર્યક્રમો સમયાંતરે કરાયા છે. આ વચ્ચે દર વખતની જેમ આ વખતે પણ આયોજકો દ્વારા દીપોત્સવી પૂર્વે રંગત એક્ઝિબિશનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અત્રે સ્ટેશન રોડ પર આવેલી ગુર્જર સુથાર જ્ઞાતિની વાડી ખાતે દિવાળીને લાગતી અવનવી વેરાયટી સાથે વિવિધ વસ્તુઓ લઈ અને રાજકોટ, લીંબડી, સુરેન્દ્રનગર, પોરબંદર તથા જામનગર જેવા શહેરોમાંથી વિવિધ સ્ટોલધારકોનું અહીં આગમન થયું છે. આ પ્રદર્શીનીને નિહાળવા આયોજકો ચંદાબેન મોદી તેમજ નિકીતાબેન મજીઠીયા દ્વારા ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારની જનતાને અનુરોધ કરાયો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઈચ્છા જ મનુષ્યને દરિદ્ર બનાવે છે.

- સ્વામિ રામતિર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો વદ-૮ કાલાષ્ટમી, અહોઈ અષ્ટમી, ગુરૂપુષ્યામૃત યોગ (સૂર્યોદયથી) તા.૨૪ ઓક્ટોબર ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૨૦, પુષ્ય નક્ષત્ર, સાધ્ય યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૫૩, સૂ.અ.૬:૧૮
આજનો દિવસ મધ્યમ છે.
આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રિયજનથી વિરહ રહે. અગત્યના કાર્યોમાં વિઘ્ન આવે.
વૃષભ:વ્યવસાયિક કાર્યમાં સફળતા મળે. મોજ-શોખમાં દિવસ વિતે.
મિથુન:બગડેલા કાર્યો સુધારી શકશો. ગુપ્ત ચિંતા દૂર થાય.
કર્ક: માનસિક પરેશાની દૂર થાય. આવકમાં વધારો થાય.
સિંહ: અટકેલા કાર્યો પૂર્ણ થાય. નવા સાહસમાં સફળતા મળે.
કન્યા: પ્રવાસમાં લાભ રહે. સ્વભાવ તેજ રહે.
તુલા: વ્યર્થ દોડા-દોડી રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
વૃશ્ચિક :કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. આકસ્મીક ધન પ્રાપ્તિ થાય.
ધન: મનની નિરાશા દૂર થાય. આર્થિક સમસ્યા હળવી બને.
મકર: શત્રુવર્ગને પીછેહટ કરવી પડે. આવક-જાવક સરભર રહે.
કુંભ: કાર્યની અધિક્તા રહે તેવી સંભાવના. જીવનસાથીનો આરોગ્ય સંભાળવું.
મીન: કામકાજમાં વ્યસ્ત રહેવાય. મનમાં મૂંઝવણ રહે.

# NEET-UG સુધારા : SCએ નિષ્ણાંત પેનલને રિપોર્ટ ફાઈલ કરવા માટે વધુ બે અઠવાડિયાની મુદત આપી

## સર્વોચ્ચ અદાલતે એ હકીકત પણ નોંધી લીધી કે નિષ્ણાંત પેનલનો રિપોર્ટ લગભગ તૈયાર થઈ ગયો છે



નવી દિલ્હી, તા.૨૪

પ્રતિષ્ઠિત પરીક્ષા યોજવામાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની કામગીરીની સમીક્ષા કર્યા પછી સુપ્રીમ કોર્ટે NEET-UGના પરીક્ષા સુધારાઓ ઉપર તેનો અહેવાલ દાખલ કરવા માટે કેન્દ્ર દ્વારા પૂર્વ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના વડા કે રાધાક્રિષ્નનની આગેવાની હેઠળ નિયુક્ત સાત સભ્યોની નિષ્ણાત પેનલ, આપવામાં આવેલ સમય બે અઠવાડિયા સુધી લંબાવ્યો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) ડી વાય ચંદ્રચુડની આગેવાની હેઠળની સર્વોચ્ચ અદાલતની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે, જેમાં ન્યાયમૂર્તિ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રા પણ સામેલ હતા, કેન્દ્ર તરફથી હાજર રહેલ સોલિસિટર જનરલ (એસજી) તુષાર મહેતાની અરજીને મંજૂરી આપ્યા પછી બે અઠવાડિયાનો સમય લંબાવ્યો. તુષાર મહેતાએ ખંડપીઠને જણાવ્યું હતું કે નિષ્ણાત સમિતિનો અહેવાલ દાખલ કરવાની સમયમર્યાદા સમાપ્ત થઈ રહી છે અને બે અઠવાડિયાના વિસ્તરણની માંગ કરી હતી. સર્વોચ્ચ અદાલતે એ હકીકત પણ નોંધી લીધી કે નિષ્ણાંત પેનલનો રિપોર્ટ લગભગ પૂર્ણ થઈ ગયો છે. ૨ ઓગસ્ટના રોજ જાહેર કરાયેલા એક વ્યાપક અને ઔપચારિક આદેશમાં, સર્વોચ્ચ અદાલતે NEET-UG પરીક્ષાનું આયોજન કરતી વખતે નિષ્પક્ષ, બિન-પક્ષપાતી અને મજબૂત પ્રણાલીની ખાતરી કરવા માટે ઘણાં પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો જેથી કરીને પરિક્ષાઓમાં ગેરરીતિઓ ટાળી શકાય અને પારદર્શક રીતે પરીક્ષા યોજી શકાય. સર્વોચ્ચ અદાલતે સ્વીકાર્યું હતું કે પરીક્ષા રદ કરવા માટે પ્રણાલીગત ભંગ થયો નથી. NEET-UG પેપર લીક અને અન્ય અનિયમિતતાઓને જોવા માટે સરકાર દ્વારા રચવામાં આવેલી રાધાકૃષ્ણન નિષ્ણાંત સમિતિના અવકાશ અને વિસ્તારને વિસ્તૃત કરતાં, સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે, સમિતિએ મજબૂત પરીક્ષા પ્રક્રિયા માટે આ સાત પગલાંને સમાવી લેવા જોઈએ. આ સાત પગલાં આ મુજબ હતા ૧. મૂલ્યાંકન સમિતિ, ૨. સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયા, ૩. પરીક્ષા કેન્દ્રો ફાળવવાની પ્રક્રિયાની સમીક્ષા, ૪. ઓળખ તપાસ માટેની વધુ સઘન પ્રક્રિયાઓ, ૫. પરીક્ષા કેન્દ્રોનું CCTV મોનિટરિંગ; ૬. પેપર્સના ટેમ્પરિંગની ખાતરી કરવા માટે સુરક્ષિત લોજિસ્ટિક પ્રદાતાઓ અને ૭. એક મજબૂત ફરિયાદ નિવારણ પદ્ધતિની ભલામણ સીજેઆઈએ કહ્યું હતું કે, 'ખુલ્લી ઈ-રિક્ષાને બદલે રીઅલ-ટાઈમ લોક સાથે બંધ વાહનોનો ઉપયોગ કરવાની સદ્ધરતા ધ્યાનમાં લેવી જોઈએ,' અને જણાવ્યું હતું કે આખી પ્રક્રિયા અથવા આ કવાયત હાથ ધરવાનો ઉદ્દેશ્ય પરીક્ષામાં કોઈપણ ગેરરીતિને અટકાવવાનો અને શોધવાનો હતો. NEET-UG અંડરગ્રેજ્યુએટ મેડિકલ પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે NTA દ્વારા હાથ ધરવામાં આવે છે. સર્વોચ્ચ અદાલતે તેના આદેશમાં ધ્યાન દોર્યું હતું કે નિષ્ણાત સમિતિએ પરીક્ષા પ્રણાલીમાં રહેલી ખામીઓને સુધારવી જોઈએ અને હાઈલાઈટ કર્યું હતું કે જો કોઈ વિદ્યાર્થીને ચુકાદામાં ઉકેલાયેલા મુદ્દાઓથી સંબંધિત ન હોય તેવી કોઈપણ પ્રકારની વ્યક્તિગત ફરિયાદ હોય, તો તે પરીક્ષા વિરૂદ્ધ સંબંધિત ઉચ્ચ અદાલતોમાં જવા માટે સ્વતંત્ર હશે. સર્વોચ્ચ અદાલતે એ પણ પુનરોચ્ચાર કર્યો હતો કે તે એવા નિષ્કર્ષ પર પહોંચ્યું છે કે પેપર્સનો કોઈ પ્રણાલીગત ભંગ થયો નથી, લીક માત્ર પટના અને હજારીબાગ સુધી મર્યાદિત હતું. ૨૩ જુલાઈના રોજ, SC એ પુર્નઃ પરીક્ષણ માટેની અરજીઓ ફગાવી દીધી હતી અને NEET-UG પરીક્ષાને રદ કરવાનો ઈન્કાર કર્યો હતો, કારણ કે પ્રશ્નપત્રોના સ્થાનિક લીક બાદ ત્યાં 'પ્રણાલીગત ભંગ' અથવા પરીક્ષાની 'પવિત્રતાનો ભંગ' થયો હોય તેવું સૂચવતો કોઈ ડેટા નથી. પરીક્ષામાં ગેરરીતિ અને અન્ય ગેરરીતિઓનો આક્ષેપ કરનાર વિદ્યાર્થીઓ દ્વારા દાખલ કરાયેલી અરજીઓની બેચની સુનાવણી બાદ સર્વોચ્ચ અદાલત દ્વારા આ આદેશ આપવામાં આવ્યો હતો.

# મીઠું ઝેર સમાન છે, દર વર્ષે તેનાથી ૧૮ લાખ લોકોનાં મોત : WHO

નવી દિલ્હી, તા.૨૪

જો ખોરાકમાં મીઠું ન હોય તો ખાવાનો સ્વાદ નહીંવત્ થઈ જાય છે. મીઠા વગર આજે તમે તમારા જીવનની કલ્પના પણ નથી કરી શકતા. મીઠું કેટલું જરૂરી વસ્તુ છે, તેનો અંદાજ તમે આ વાતથી લગાવી શકો છો કે તેના માટે ભારતમાં એક રાષ્ટ્રવ્યાપી આંદોલન થયું હતું. તમે તેને દાંડી યાત્રા અથવા મીઠા સત્યાગ્રહના નામથી જાણો છો. ચાલો હવે આ લેખમાં તમને જણાવીએ કે મીઠું આપણા શરીર માટે કેટલું જરૂરી છે અને તેનાથી દર વર્ષે કેટલા લાખ લોકોના મૃત્યુ થાય છે. બીબીસી વર્લ્ડ સર્વિસે આ ઉપર એક કાર્યક્રમ કર્યો છે 'ધ ફૂડ ચેઈન'. તેમાં જણાવવામાં આવ્યું છે કે મીઠું આપણા શરીર માટે કેટલું જોખમી હોઈ શકે છે. જોકે, કેટલાક નિષ્ણાતો એવા પણ છે જે મીઠાને આપણા શરીર માટે અત્યંત જરૂરી ગણાવે છે. જેમ કે અમેરિકાની રટગર્સ યુનિવર્સિટીમાં ન્યુટ્રિશનલ સાયન્સના પ્રોફેસર પોલ બ્રેસલિન બીબીસી સાથે વાત કરતા કહે છે, 'મીઠું જીવન માટે જરૂરી છે.' આવું એટલા માટે કે મીઠું માનવની સક્રિય કોશિકાઓ માટે અત્યંત જરૂરી છે. આ ઉપરાંત જો આપણે પૂરતા પ્રમાણમાં સોડિયમનું સેવન ન કરીએ તો આપણે મૃત્યુ પણ પામી શકીએ છીએ. ખરેખર, સોડિયમની ઉણપથી હાઈપોનેટ્રેમિયા નામનો રોગ થઈ શકે છે, જેનાથી ભ્રમ, ઉલટી, તાણ, ચિડચિડાપણું અને કોમા જેવી ગંભીર સ્થિતિઓ ઉદભવી શકે છે. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) મુજબ, દરરોજ ખોરાકમાં ૫ ગ્રામ મીઠાનું સેવન કરવું જરૂરી હોય છે. ૫ ગ્રામ મીઠામાં લગભગ ૨ ગ્રામ સોડિયમ હોય છે, જે એક ચમચી જેટલું છે. જોકે, લોકો માત્ર ૫ ગ્રામ મીઠું નથી ખાતા પરંતુ તેનો બમણો ઉપયોગ કરે છે. WHOના જ અહેવાલ અનુસાર, વૈશ્વિક સ્તરે લોકો સરેરાશ ૧૧ ગ્રામ મીઠું દરરોજ ખાય છે. આના કારણે હૃદય રોગ, ગેસ્ટ્રિક કેન્સર, ઓસ્ટિયોપોરોસિસ, મેદસ્વિતા અને કિડનીના રોગોનું જોખમ વધી જાય છે. જ્યારે મીઠાથી દર વર્ષે થતા મૃત્યુની વાત કરીએ તો વિશ્વ આરોગ્ય સંગઠનનો અંદાજ છે કે દર વર્ષે વિશ્વભરમાં મીઠાને કારણે લગભગ ૧૮.૯ લાખ લોકોના મૃત્યુ થાય છે. આ મૃત્યુમાં મીઠાની ભૂમિકા સીધી રીતે નથી હોતી. પરંતુ જે રોગોથી લોકોના મૃત્યુ થાય છે, તેમના થવા અને વધવામાં મીઠાની ભૂમિકા હોય છે. આ જ કારણ છે કે આરોગ્ય નિષ્ણાતો હંમેશા સલાહ આપે છે કે મીઠાનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો જોઈએ. આ પ્રકારની સલાહ લોકોને ખાંડ માટે પણ આપવામાં આવે છે.

# ભારતને યુનોની સુરક્ષા સમિતિમાં કાયમી સભ્યપદ આપવું જોઈએ; રશિયાના વિદેશમંત્રી લાવરોવ

મોસ્કો, તા.૨૪

રશિયાના વિદેશ મંત્રી સરજી લાવરોવે જણાવ્યું છે કે ભારત, બ્રાઝિલ તથા દક્ષિણ આફ્રિકા જેવા દેશોને યુનોની સિક્યુરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ આપવું જોઈએ. જેથી કરીને બહુમતી વિશ્વના પ્રતિનિધિઓ સિક્યુરિટી કાઉન્સિલમાં બેસી શકે. તેમણે કહ્યું હતું કે આ ત્રણેય દેશોને સિક્યુરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ મળવું જોઈએ એ વિશ્વની બહુમતીના પ્રતિનિધિઓ છે. તેમણે રશિયાની તાસ સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં આ મુજબના વિધાનો કર્યા હતા. રશિયાના વિદેશ મંત્રીએ ઉમેર્યું હતું કે કાયમી સભ્યપદ આપવું જરૂરી છે. ભારતને કાયમી સભ્યપદ મળે એ માટે રશિયાની જેમ ફ્રાન્સ તથા ચીલી, પોર્ટુગલ અને માઈક્રોનેશિયા જેવા દેશોએ પણ ભારતનું સમર્થન કર્યું છે.

# હેલ્મેટ વિના ડ્રાઈવિંગ કરો, હરિયાણામાં ભાજપના પરાજિત નેતાનું ખુલ્લેઆમ એલાન; પોલીસ સાથે સમજી લઈશ, ચેતવણી આપી



રોહતક, તા.૨૪

બહાદુરગઢ વિધાનસભા બેઠક ઉપરથી હેલ્મેટ વિના ડ્રાઈવિંગ કરો, હરિયાણામાં ભાજપના પરાજિત નેતાનું ખુલ્લેઆમ એલાન; પોલીસ સાથે સમજી લઈશ, ચેતવણી આપી પરાજિત થયેલા ભાજપના ઉમેદવાર દિનેશ કૌશિકે તેના ટેકેદારોને ખુલ્લા શબ્દોમાં હેલ્મેટ વગર ડ્રાઈવિંગ કરવા કહ્યું છે અને વિવાદ ઊભો કર્યો છે આવી રીતે મોકળું મેદાન આપનાર ભાજપના નેતાએ એવું પણ કહ્યું છે કે પોલીસ સાથે હું સમજી લઈશ તમે હેલ્મેટ વિના ડ્રાઈવિંગ કરો. હેલ્મેટ વગર જતાં પોતાના ટેકેદારોને રોકવા સામે પણ તેણે અધિકારીઓને ચેતવણી આપી છે અને ખુલ્લેઆમ ટ્રાફિકના નિયમોનો ભંગ કરવાનું એલાન કર્યું છે. બહાદુરગઢમાં ટેકેદારો અને પક્ષના કાર્યકરોને સંબોધન કરતા કૌશિકે જણાવ્યું હતું કે હેલ્મેટ વિના તમે બધા ટુવ્હીલર ચલાવો અને જે કાંઈ પરિણામો આવે કે પડઘા પડે તેના વિશે હું સમજી લઈશ. જો ટ્રાફિક અધિકારીઓ તમને રોકે તો મારી સાથે વાત કરાવજો અને જો વાત કરાવવાનો ઈન્કાર કરે તો એમના હાથમાં જબરદસ્તી એના કાન પાસે ફોન લગાડજો અને હું તમને ખાતરી આપું છું કે કોઈ અધિકારી તમને પેનલ્ટીનું ચલાન આપવાની હિંમત નહીં કરે અને જો તેઓ આવું કરશે તો હું એમની બદલી મેવાતમાં કરાવી દઈશ એવી ભાજપના નેતાએ ચેતવણી આપી હતી. હરિયાણા વિધાનસભાની ચૂંટણીઓમાં દિનેશ કૌશિક અપક્ષ ઉમેદવાર રાજેશ જુન સામે ૪૧,૦૦૦ મતે હારી ગયો હતો. પોતાની કેટલી વગ છે તેની બડાઈ મારતા કૌશિકે કહ્યું હતું કે મારૂં વજન ભલે ૬૦ કિલોગ્રામ હોય પણ સરકારમાં મારૂં ઘણું વજન અને મારી નોંધપાત્ર સત્તા છે. જો હું જીતી ગયો હોત તો હું ખતરનાક ધારાસભ્ય બન્યો હોત. ભાજપ નેતાના આવા વિધાનોથી ઘણાના ભ્રમર ઊંચકાયા છે.

# 'કેનેડા ભારતીયોથી ઉભરાઈ ગયું છે, પાછા જાઓ' : ભારતીય મૂળના માણસને ઑન્ટેરિયોમાં નફરતી ભાષણનો સામનો કરવો પડ્યો

(એજન્સી) તા.૨૪

કેનેડાના ઑન્ટારિયોમાં કિચનર-વોટરલૂ પ્રદેશમાં ચાલતી વખતે ભારતીય મૂળના એક વ્યક્તિએ તાજેતરમાં દ્વેષપૂર્ણ વ્યવહારનો સામનો કરવો પડ્યો હતો, જ્યાં તેને વચલી આંગળી બતાવવામાં આવી હતી અને નફરતપૂર્ણ શબ્દોનો સામનો કરવો પડ્યો હતો. સોશિયલ મીડિયા ઉપર શેર કરાયેલા એક વિડિયોમાં અશ્વિન અન્નામલાઈએ એક વૃદ્ધ મહિલાનો ભેટો થયો હોવાનું જણાવ્યું હતું જેણે તેને ભારતીય વારસાને કારણે 'ભારત પાછા ફરવાનું' કહ્યું હતું. X ઉપર પોસ્ટમાં, અન્નામલાઈએ આ અનુભવને ઊંડો આઘાતજનક ગણાવ્યો હતો, જે પ્રદેશમાં અશ્વેત લોકો સામે વધતા દ્વેષપૂર્ણ ગુનાઓના વલણને પ્રકાશિત કરે છે. તેણે એક પોસ્ટમાં પોતાની ચિંતા વ્યક્ત કરતા કહ્યું, 'કિચનરવોટરલૂના એક સમયે સ્વાગત કરતા સમુદાયમાં નફરતમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે જ્યારે હું ફરવા માટે બહાર હતો ત્યારે એક અજાણી મહિલાએ મને વચલી આંગળી દેખાડી હતી અને નફરતપૂર્ણ શબ્દો કહ્યા હતા.'

**'ભારત પાછા જાઓ'**

ભારતીય મૂળના પુરૂષ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં એક કેનેડિયન મહિલા તેના ભારતીય વારસા માટે તેની સાથે દુર્વ્યવહાર કરતી સાંભળી શકાય છે. જ્યારે પુરૂષે મહિલાના તેના પ્રત્યે આક્રમકતાનું કારણ પૂછ્યું તો મહિલાએ કહ્યું, 'હું તમારા માટે આક્રમક છું કારણ કે કેનેડામાં ઘણા બધા ભારતીયો છે અને હું ઈચ્છું છું કે તમે પાછા જાઓ. ભારત પાછા જાઓ. તમારા માતાપિતા કેનેડિયન નથી અને તમારા દાદા દાદી કેનેડિયન નથી. આ ઘટનાને સોશિયલ મીડિયાઁ ઉપર શેર કરતાં અન્નામલાઈએ કહ્યું, ''તેણે ખોટી રીતે માની લીધું કે હું ભારતીય છું અને મારે તરત જ નીકળી જવું જોઈએ. જ્યારે મેં તેને ખૂબ જ નમ્રતાથી પડકારી ત્યારે તેણે તેના જાતિવાદી ગાળો આપી. તે એ વાતથી પણ નારાજ છે કે સમુદાયમાં કાળા લોકો છે. તેણે મારા ઉપર અંગ્રેજી બોલતા ન હોવાનો પણ આરોપ મૂક્યો છે અને કહ્યું કે મારે હમણાં જ દેશ છોડી દેવો જોઈએ.

**'સારા હેતુ ધરાવતા કેનેડિયનોની હેરાનગતિ'**

તેમણે નોંધ્યું હતું કે મહિલાના ગુસ્સામાં માત્ર તેમને જ નિશાન બનાવ્યા નથી પરંતુ અન્ય સમુદાયો વિશે અપમાનજનક ટિપ્પણીઓ પણ સામેલ છે. અન્નામલાઈએ એક અહેવાલ શેર કર્યો છે જે દર્શાવે છે કે વોટરલૂ પ્રદેશમાં દેશમાં પોલીસ દ્વારા નોંધાયેલા દ્વેષપૂર્ણ ગુનાઓનો સૌથી વધુ દર છે. ભારતીય મૂળના વ્યક્તિએ X ઉપર લખ્યું, ''આ કોઈ એકલ-દોકલ ઘટના નથી. આવા નફરતથી ભરેલા એન્કાઉન્ટરો વર્ષની શરૂઆતથી નિયમિતપણે થઈ રહ્યા છે અને લોકો વધુ ઉત્સાહિત થઈ રહ્યા હોય તેવું લાગે છે. મેં અમારા સમુદાયમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં આવતા જાતિવાદ વિશે વાત કરી છે,'' તેમણે જણાવ્યું કે ''સડક ઉપર સારા હેતુ ધરાવતા કેનેડિયનોને હેરાન કરવા અને કારણ વિના તેમને દોષી ઠેરવવા એ આપણે જે પડકારોનો સામનો કરીએ છીએ તેનો ઉકેલ નથી. આપણે એક સમુદાય તરીકે ચોક્કસપણે એકબીજાને દોષી ઠેરવવા કરતાં વધુ સારૂં કરી શકીએ છીએ અને આપણા બધા પીડિતો સમસ્યાઓના ઉકેલો શોધવા માટે એકસાથે આવી શકીએ છીએ,''. તાજેતરના વર્ષોમાં ભારતમાંથી કેનેડામાં ઈમિગ્રેશનના વલણમાં નોંધપાત્ર વધારો થયો છે ત્યારે આ ઘટના બની છે. નવા ભારતીય કાયમી નિવાસીઓ (PRs)ની સંખ્યા આસમાને પહોંચી છે, જે ૨૦૧૫માં ૩૯,૩૪૦થી વધીને ૨૦૨૩માં ૧,૩૯,૭૮૫ થઈ ગઈ છે

# લોરેન્સ બિશ્નોઈનો પરિવાર ૨૦૧૫થી જેલમાં બંધ ગેંગસ્ટર ઉપર દર વર્ષે ૪૦ લાખ રૂપિયા ખર્ચે છે, પિતરાઈ ભાઈએ ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો



મુંબઈ તા.૨૪

બાબા સિદ્દિકીની હત્યાનો માસ્ટરમાઈન્ડ અને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અંગે એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. જેલમાં બંધ ગેંગસ્ટર પાછળ તેનો પરિવાર દર વર્ષે ૩૫થી ૪૦ લાખ રૂપિયા ખર્ચે છે. આ ખર્ચ જેલમાં તેની સંભાળ લેવા પાછળ થઈ રહ્યો હોવાનો ચોંકાવનારો ખુલાસો તેના જ પિતરાઈ ભાઈએ કર્યો છે. લોરેન્સ બિશ્નોઈના પિતરાઈ ભાઈ ૫૦ વર્ષીય રમેશ બિશ્નોઈએ લોરેન્સના બાળપણ અને અન્ય બાબતો વિશે પણ મહત્ત્વની માહિતી આપી છે. રમેશે જણાવ્યું હતું કે ગેંગસ્ટરનું નામ લોરેન્સ કેવી રીતે પડ્યું ? કોઈને કલ્પના પણ નહોતી કે, પંજાબ યુનિવર્સિટીમાંથી લૉ ગ્રેજ્યુએટ થયેલો લોરેન્સ ભવિષ્યમાં મોટો ગુનેગાર બનશે. લોરેન્સના પિતા હરિયાણા પોલીસમાં કોન્સ્ટેબલ હતા. તેમની પાસે ગામમાં ૧૧૦ એકર જમીન હતી. લોરેન્સ હંમેશા મોંઘા કપડાં અને જૂતા પહેરતો હતો. જેલમાં બંધ હોવા છતાં તેનો પરિવાર તેની સંભાળ રાખવામાં કોઈ કસર છોડતો નથી. પરિવાર દ્વારા લોરેન્સ પાછળ દર વર્ષે લગભગ ૪૦ લાખ રૂપિયા ખર્ચવામાં આવે છે. પંજાબના ફિરોજપુરમાં જન્મેલા લોરેન્સ બિશ્નોઈનું અસલી નામ બલકરન બરાર હતું. પરંતુ શાળાના દિવસોમાં જ તેણે પોતાનું નામ બદલી લોરેન્સ રાખ્યું હતું. તેની કાકીને લોરેન્સ નામ ગમતું હોવાથી તેણે આ નામ અપનાવ્યું હતું. કાકીના મતે, લોરેન્સ નામ તેની પર્સનાલિટી સાથે મેળ ખાતુ હતું. લોરેન્સ બિશ્નોઈ લૉ કોલેજમાં અભ્યાસ દરમ્યાન ગેંગસ્ટરની દુનિયામાં પ્રવેશ્યો હતો. લોરેન્સ બિશ્નોઈએ પોતાની ગેંગનો વ્યાપ છેક કેનેડા સુધી કર્યો છે. કેનેડાની પોલીસે અવારનવાર કેનેડામાં બિશ્નોઈ ગેંગની ગતિવિધિઓ થતી હોવાના દાવાઓ કર્યા છે. મે, ૨૦૨૨માં પ્રસિદ્ધ સિંગર સિદ્ધુ મૂસેવાલાની હત્યાથી લોરેન્સ બિશ્નોઈનું નામ ઉભરી આવ્યું હતું. લોરેન્સ બિશ્નોઈ ગુજરાતના અમદાવાદ સ્થિત સાબરમતી સેન્ટ્રલ જેલમાં બંધ છે. જુદા-જુદા કેસોમાં એટીએસ અને એનઆઈએ વિરૂદ્ધ તપાસ કરી રહી છે. ઓગસ્ટ, ૨૦૨૩માં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે બિશ્નોઈને અન્ય રાજ્યની જેલમાં ટ્રાન્સફર ન કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશની સમય મર્યાદા વધુ એક વર્ષ લંબાવવામાં આવી હતી.

# ગરીબીમાં જીવતા લોકોની સંખ્યામાં ભારતનું સ્થાન ટોચ ઉપર : UN રિપોર્ટ

## આ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે ૧.૧ અબજ ગરીબ લોકોમાંથી અડધાથી વધુ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો (૫૮ કરોડ) છે

યુનાઈટેડ નેશન્સ,તા.૨૪

ભારત વૈશ્વિક સ્તરે એવા પાંચ દેશોમાં સામેલ છે જ્યાં સૌથી વધુ લોકો ગરીબીમાં જીવી રહ્યા છે. યુએનના આ અહેવાલ મુજબ વિશ્વના ૧.૧ અબજ લોકોમાં અડધાથી વધુ સગીર છે, અને તેઓ વિશ્વભરમાં તીવ્ર ગરીબીમાં જીવી રહ્યા છે. યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) અને ઓક્સફર્ડ યુનિવર્સિટી સ્થિત ઓક્સફર્ડ પોવર્ટી એન્ડ હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશિયેટિવ (OPHI) દ્વારા વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક (MPI)નું નવીનતમ અપડેટ બહાર પાડવામાં આવ્યું હતું. તે જણાવે છે કે વિશ્વભરમાં ૧.૧ અબજ લોકો તીવ્ર ગરીબીમાં જીવે છે, જેમાં ૪૦ ટકા લોકો યુદ્ધ, સંઘર્ષ અને/અથવા ઓછી શાંતિ હોય તેવા દેશોમાં રહે છે.

ભારતમાં ૨૩ કરોડ લોકો ગરીબીમાં જીવી રહ્યા છે, જે મધ્યમ માનવ વિકાસ સૂચકાંક છે, અને આ સાથે ગરીબીમાં જીવતા લોકોની સૌથી વધુ સંખ્યા સાથે ભારત દેશ વૈશ્વિક સ્તરે પાંચ દેશોમાં સામેલ છે. અન્ય ચાર દેશોમાં પાકિસ્તાન (૯.૩ કરોડ), ઈથોપિયા (૮.૬ કરોડ , નાઈજીરીયા (૭.૪ કરોડ) અને ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (૬.૬ કરોડ) છે. એકસાથે જોઈએ તો, ૧.૧ અબજ ગરીબ લોકોમાંથી લગભગ અડધા (૪૮.૧ ટકા) લોકો આ પાંચ દેશોમાં રહે છે. આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે વિશ્વના ૪૫ કરોડ ગરીબો એવા દેશોમાં રહે છે જેઓને હિંસક સંઘર્ષનો સામનો કરવો પડે છે, અને ગરીબી ઘટાડવા માટે તેમની સખત મહેનતથી થયેલી પ્રગતિમાં અવરોધ આવે છે.

યુએનડીપી એડમિનિસ્ટ્રેટર, અચિમ સ્ટેઈનરે જણાવ્યું હતું કે, તાજેતરના વર્ષોમાં સંઘર્ષો વધુ તીવ્ર બન્યા છે અને જાનહાનિ વધુ થઈ રહી છે અને લાખો લોકો વિસ્થાપિત થયા છે અને તેમના જીવન અને આજીવિકામાં વ્યાપક વિક્ષેપ આવ્યા છે. અમારૂ નવું સંશોધન બતાવે છે કે બહુપરીમાણીય ગરીબીમાં જીવતા ૧.૧ અબજ લોકોમાંથી લગભગ ૫૦ કરોડ જેટલા લોકો હિંસક સંઘર્ષના દેશોમાં રહે છે. આપણે તેમને ટેકો આપવા માટે ઝડપી કાર્યવાહી કરવી જોઈએ. ગરીબી અને કટોકટીના ચક્રને તોડવા માટે અમને વિશિષ્ટ વિકાસ અને પ્રારંભિક પુર્નઃ પ્રાપ્તી દરમ્યાનગીરી માટે સંસાધનો અને ઍક્સેસની જરૂર છે. આ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે ૧.૧ અબજ ગરીબ લોકોમાંથી અડધાથી વધુ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો (૫૮ કરોડ) છે. વૈશ્વિક સ્તરે, ૨૭.૯ ટકા બાળકો ગરીબીમાં જીવે છે, જ્યારે પુખ્ત વયના ૧૩.૫ ટકા બાળકો છે. ૧.૧ અબજ ગરીબ લોકોમાં મોટા પ્રમાણમાં પર્યાપ્ત સ્વચ્છતા (૮૨.૮ કરોડ), આવાસ (૮૮.૬ કરોડ) અથવા રસોઈ ઈંધણ (૯૯.૮ કરોડ)નો અભાવ છે. ૧.૧ કરોડ ગરીબોમાંથી અડધાથી વધુ લોકો (૬૩ કરોડ) એવા વ્યક્તિ સાથે રહે છે જે તેમના પરિવારમાં કુપોષિત છે.



દક્ષિણ એશિયામાં ૨૭ કરોડ ગરીબ લોકો ઓછામાં ઓછા એક કુપોષિત વ્યક્તિ સાથેના ઘરોમાં રહે છે, અને સબ-સહારન આફ્રિકામાં ૨૫ કરોડ આવા લોકો રહે છે. લગભગ ૮૩.૭ ટકા ગરીબ લોકો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે. વિશ્વના તમામ પ્રદેશોમાં ગ્રામીણ વિસ્તારના લોકો શહેરી વિસ્તારના લોકો કરતાં વધુ ગરીબ છે. એકંદરે, વૈશ્વિક ગ્રામીણ વસ્તીના ૨૮.૦ ટકા શહેરી વસ્તીના ૬.૬ ટકાની સરખામણીમાં વધુ ગરીબ છે.

૧.૧ અબજ ગરીબ લોકોમાંથી ૨૨ કરોડ (૧૯.૦ ટકા) યુદ્ધ પ્રભાવિત દેશોમાં રહે છે. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, લગભગ ૪૦ ટકા ગરીબ લોકો (૪૫ કરોડ) એવા દેશોમાં રહે છે જેઓ યુદ્ધ, સંઘર્ષ અને/અથવા ઓછી શાંતિ હોય તેવા દેશોમાં રહે છે. આ રાષ્ટ્રીય દરો બદલાય છે, એકંદરે, યુદ્ધથી પ્રભાવિત દેશોમાં, ગરીબી ૩૪.૮ ટકા છે, જે યુદ્ધ અથવા નાના સંઘર્ષોથી પ્રભાવિત નથી તેવા દેશોમાં ૧૦.૯ ટકા કરતાં ઘણી વધારે છે. બહુપરિમાણીય ગરીબી સંઘર્ષથી પ્રભાવિત અને નિમ્ન-શાંતિવાળા દેશોમાં બમણી કરતાં વધુ છે. આ વર્ષના અહેવાલમાં ૧૧૨ દેશો અને ૬.૩ અબજ લોકો માટે બહુપરીમાણીય ગરીબી ઉપરના મૂળ આંકડાકીય સંશોધન તેમજ સંઘર્ષ અને ગરીબી વચ્ચેના સંબંધનું ઝીણવટભર્યું વિશ્લેષણ દર્શાવવામાં આવ્યું છે. યુએનએ નોંધ્યું હતું કે અમુક ડેટાના અભાવને કારણે, વૈશ્વિક સ્તરો અને વલણોનો તુલનાત્મક ઈન્ડેક્સ બનાવવા માટે વૈશ્વિક MPI 10-વર્ષના સમયગાળા (૨૦૧૨-૨૦૨૩)માં માપવામાં આવે છે

# આયુષ હોસ્પિટલ દ્વારા યોજાયેલ પાંચ કિલો મીટરની મેરેથોન દોડમાં ૭૮ વર્ષના વૃધ્ધે દાખવ્યો જોમ

## ઝડપથી દોડીને માત્ર ૩૦ મિનીટમાં સ્પર્ધા પુરી કરી



જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢની સૌથી મોટી સુપર સ્પેશ્યાલીસ્ટ આયુષ હોસ્પિટલ દ્વારા વર્લ્ડ હાર્ટ ડે (વિશ્વ હૃદય દિવસ) નિમિત્તે નરસૈયાની નગરી ગરવા ગિરનારની તળેટીમાં આવલ ભવનાથ વિસ્તારમાં તા.૨૦-૧૦-૨૪ ને રવિવારે વહેલી સવારે ૬ વાગ્યે 'જૂનાગઢ મેરેથોન દોડો દિલસે' પાંચ કિલોમીટરની દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જૂનાગઢ પોલીસએ નો ડ્રુગ્સ, જૂનાગઢ મનપા, સ્વચ્છતા હી સેવા, ગિરનાર ગ્રુપ, પ્રસ્થાન ગ્રુપ તથા હરીઓમ ટ્રસ્ટ ગ્રુપ વિગરે મેરેથોનમાં સહભાગી થયેલ હતા.

આ મેરેથોન દોડમાં ૧૧ વર્ષના બાળકોથી માંડીને ૯૦ વર્ષ સુધીના ભાઈ-બહેનો, વૃધ્ધો સહિત કુલ ૬૦૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં જૂનાગઢના સિનીયર સિટીઝન પીજીવીસીએલના નિવૃત્ત કર્મચારી ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ ૭૮ વર્ષના દિનેશભાઈ જે. જોષીએ ભાગ લીધો હતો. ૫૦ વર્ષથી ઉપરની વયમાં એજ ગ્રુપ હતું નહીં.

આ સ્પર્ધા ભવનાથ મંદિર પાછળ કોર્પોરેશન સ્ટેજ પાસેથી સવારના ૭ વાગ્યે ૫૦થી ઉપરની વયજુથના સ્પર્ધક ભાઈ-બહેનોને ફ્લેગ ઓફ મેરેથોન કરવામાં આવેલ જેમાં દિનેશભાઈએ ઝડપથી દોડીને દામોદરકુંડ, પાંજનાકા સુધી ૨.૫ કિલો મીટર અને ત્યાંથી ફરી ભવનાથ સ્ટેજ સુધી રસ્તામાં ક્યાંય પણ રોકાયા વગર જોમ અને જુસ્સાથી ઝડપી દોડીને ૩૦ મિનીટમાં મેરેથોન સ્પર્ધા પુરી કરી હતી. તેઓને ટી-શર્ટ, સર્ટીફિકેટ તથા હોસ્પિટલમાં ફ્રી સારવાર માટેનું કાર્ડ આપવામાં આવેલ હતું.

સ્પર્ધામાં સફળતા બાબતે દિનેશભાઈ જોષીએ જણાવેલ કે, ઈશ્વર પર શ્રધ્ધા, વિશ્વાસ રાખનાર દ્રઢ છે થકતા નથી. મજબુત ઈરાદો એની સૌથી મોટી તાકાત છે અને આ તાકાત યુવાનો માટે પ્રેરણાદાયી મિશાલ બની રહે તેવી છે. ઝડપથી ચાલવું, દોડવું એ આરોગ્ય માટે ઉમદા ગણાય છે. દિનેશભાઈ જોષીએ આયુષ હોસ્પિટલ, ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ જ્ઞાતિ, સમસ્ત બ્રહ્મસમાજ, સિનીયર સિટીઝન મંડળ, મહાનગરપાલિકા, ગિરનાર ગ્રુપ, હરીઓમ સેવા ગ્રુપ તથા જૂનાગઢ શહેરનું નામ રોશન કરેલ છે.

# ફ્રેન્ડસ ઓફ કેટલના સ્લોગન સાથે મહાનગર સેવા સદન સંચાલિત ગૌશાળાને રૂા.૭,૭૭૭/- નું દાન મળ્યું

## દાન પુણ્ય કરવા અર્થે જાહેરમાં ઘાસચારો ન નાખતા મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં દાન આપી પુણ્યનું ભાથું બાંધીએ : હરસુખભાઈ રાદડિયા



જૂનાગઢ તા. ૨૪

મહાનગરપાલિકા, જૂનાગઢ શહેરને સ્વચ્છ રાખવા તેમજ રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા પ્રયત્નશીલ છે. પરંતુ શહેરીજનો દ્વારા દાન પુણ્ય કરવા અર્થે જાહેરમાં અનધિકૃત ઘાસચારો વેચતા ઈસમો પાસેથી અનધિકૃત ઘાસચારો લઈ જાહેર માર્ગ પર જ ગૌવંશને આપવામાં આવે છે. જેના કારણે આસપાસના વિસ્તારમાં ગંદકી ફેલાય છે. તેમજ જાહેર માર્ગ અથવા જાહેર સ્થળોમાં ગૌવંશ અડચણરૂપ બને છે.

મહાનગરપાલિકા,જૂનાગઢના કમિશ્નરશ્રી ડૉ.ઓમ પ્રકાશની સુચના મુજબ નાયબ કમિશ્નરએ.એસ.ઝાંપડા દ્વારા જૂનાગઢ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા અને જાહેરમાં અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમોને પકડવા માટે સતત કાર્યવાહી કાર્યરત છે. જાહેરમાં ઘાસચારો વેચવા અથવા નાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. જેથી જાહેરમાં ઘાસચારો વેચતા અથવા નાખતા પકડાશે તો મહાનગર પાલિકા, જૂનાગઢ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ શહેરીજનોએ નોંધ લેવી.

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગરપાલિકા, જૂનાગઢ સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે. જેમાં તા.૨૩/૧૦/૨૦૨૪ ખામધ્રોળ રોડ ટોરેન્ટ ગેસ ખાતે આવેલ મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં આસિ.કમિશ્નર જયેશભાઈ પી.વાજાની ઉપસ્થિતિમાં હરસુખભાઈ રાદડિયા દ્વારા રૂ.૭,૭૭૭/- નું દાન ઘાસચારા માટે આપવામાં આવેલ છે, તેમજ તેમના દ્વારા એક અનેરો સંકલ્પ પણ કરેલ છે કે નિવૃત્તિ સુધી તેઓ દર મહિનાની પાંચમની તિથીના રોજ ગાયના ઘાસચારા માટે યથાશક્તિ દાન કરશે. આ રીતે તેમના દ્વારા સૌ શહેરીજનોને અપીલ કરેલ છે કે મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં દાન આપી પુણ્ય નું ભાથું બાંધીએ.

મહાનગર પાલિકા, જૂનાગઢની કાર્યવાહી શહેરીજનોના લોકહિતમાં હોય તેથી જૂનાગઢ શહેરના શહેરીજનો પૈકી જે લોકો ઘાસચારાનું દાન કરવા માંગતા હોય તે લોકોએ મહાનગર પાલિકા, જૂનાગઢ દ્વારા ફ્રેન્ડસ ઓફ કેટલ અંતર્ગત મહાનગર સેવા સદન ખાતે ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ જન સેવા કેન્દ્ર,જોશીપુરા ઝોનલ ઓફિસ(સોરઠ ભવન), ટીંબાવાડી ઝોનલ ઓફિસ,દોલતપરા ઝોનલ ઓફીસ,શહેરીજનો પોતાની ઈચ્છા અનુસાર ઘાસચારાની રકમ આપી શકશે.જે રકમનો ગૌશાળા ખાતે ઘાસ ચારો આપવામાં ઉપયોગ કરવામાં આવશે.જેની શહેરીજનોને પાકી પહોંચ આપવામાં આવશે. તેમજ મહાનગર પાલિકા, જૂનાગઢની(૧) ખામધ્રોળ ટોરેન્ટ ગેસપાસેની ગૌશાળા (૨) સુખનાથ ચોક સાવજના ડેલા પાસે આવેલ ગૌશાળા અથવા શહેરની અન્ય કોઈપણ ગૌશાળાએ જઈને ઘાસ ચારાનું દાન કરવા માટે જણાવવામાં આવેલ છે.

# ઊના તાલુકાના બે દારૂના બુટલેગરને એલસીબી પોલીસે પાસા હેઠળ પકડી જેલ હવાલે કર્યા



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા. ૨૪

ઊના તાલુકાના વાવરડા ગામની સીમમાં અને નેસડા ગામની સીમમાં જિલ્લા પોલીસની ક્રાઈમ બ્રાન્ચએ દોઢ માસ પહેલા રૂપિયા ૧૭ લાખ ૮૦ હજાર ૮૦૦ રૂપિયાનો દારૂનો જથ્થો પકડી પાડેલ હતો અને આઠ આરોપી સામે ગુનો દાખલ કર્યો હતો. તાલુકામાં બૂટલેગરો અને માથાભારે વ્યક્તિઓ પર પાસા જેવા અટકાયતી પગલાં લેવા ઊનાના નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચોધરી અને પોલીસ ઈન્સ્પેક્ટર મહેન્દ્રસિંહ રાણા ગીર દ્વારા ઊનાના પ્રોહી. બૂટલેગરો જશુંભાઈ દર્દુભાઈ ગોહીલ રે. સનખડાં અને માનભાઈ ભીખુભાઈ ઉર્ફે ભીખાભાઈ ભાલીયા રે. વાવરડાની પાસાની ફાઈલ તૈયાર કરી ગીર સોમનાથ જિલ્લાના પોલીસવડા મનોહરસિંહ જાડેજાને મોકલી આપી હતી અને તેમણે અભિપ્રાય આપી ગીર સોમનાથ જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા કલેકટર કચેરીએ મોકલી આપતા જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ ફાઈલની ગંભીરતા સમજી બંને દારૂના બુટલેગરો સામે પાસાનું વોરંટ જાહેર કરતા ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે આરોપી જશુંભાઈ દર્દુભાઈ ગોહીલ રે. સનખડાં અને માનભાઈ ભીખુભાઈ ઉર્ફે ભીખાભાઈ ભાલીયા રે. વાવરડાને પાસાનું વોરંટ બજાવી ઊના પોલીસ સ્ટેશન લાવી સોંપતા ઊના પોલીસે અટકાયત કરી જશુંભાઈને વડોદરા અને માનભાઈને સુરત મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યા હતા. આ પગલાંથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

# ઊનામાં ચાર શખ્સોએ જૂના મન દુઃખને કારણે ચાર યુવાનો ઉપર લોખંડના પાઈપ સહિતના હથિયાર વડે હુમલો કર્યાની ફરીયાદ

ઊના તા.૨૪

ઊના તાલુકાના ગરાળ ગામે રહેતા હરિકૃષ્ણસિંહ રમેશસિંહ રાઠોડએ ઊના પોલીસ સ્ટેશનમાં આરોપી અનિલ પેસવાણી, નિલય ઉર્ફે ભૂરો રામભાઈ વાળા, વિજય કરમણ, રાજુ ગોસ્વામી રે. તમામ ઊના સામે એવા પ્રકારની ફરિયાદ નોંધાવી છે કે ઊના શહેરમાં દેલવાડા રોડ ઉપર વિદ્યાનગર સોસાયટીમાં નાગનાથ મંદિર પાછળ રહેતા અનિલ પેસવાણી અને વિજય કરમણભાઈ પાસેથી ફરિયાદીએ મિત્ર વિજયભાઈ અથાભાઈ ગઢવી રે.ભાવનગર વાળાએ એક વર્ષ પહેલાં સપ્ટેમ્બર ૨૦૨૩માં ડાયમંડનો હિરો રૂપિયા તેર લાખમાં ખરીદ કરેલ હતો તે પેટે રૂપિયા ૬ લાખ ચૂકવેલ હતા બાકીના રૂપિયા હીરાની ખરાઈ કર્યા પછી આપવાનું નક્કી થયું હતું. વિજયભાઈએ હીરાની ખરાઈ કરાવતા નકલી હોવાનું જણાઈ આવેલ તેથી ચૂકવેલ રૂપિયા ૬ લાખ પરત આપવાનું કહેતા વિજયને રૂપિયા પરત આરોપી અનિલ અને વિજય કરમણભાઈએ આપેલ નહિ જ્યારે હીરાની ખરીદી કરેલ ત્યારે ફરિયાદી હરિકૃષ્ણસિંહ અને તેના બનેવી ગોપાલસિંહ ભૂપતસિંહ રાણા રે. ઉડવી તા.ભાવનગર હાજર હતા તેથી ફરિયાદી અવાર-નવાર આરોપીને ફોન કરી રૂપિયા પરત આપવાનું કહેતા પરંતુ આપેલ નહિ પછી ફરિયાદીએ ઊના પોલીસમાં અનિલ અને વિજય વિરૂદ્ધ અરજી કરી હતી. તે અરજી અન્વયે અનિલ અને વિજયએ રૂપિયા થોડા દિવસમાં આપી દેવા જણાવેલ હતું પરંતુ રૂપિયા આરોપીએ ન આપતા ગત તા.૨૨/૧૦/૨૪ના ફરિયાદી અને વિજયભાઈ ગઢવી, તથા ફરિયાદીના બનેવી ગોપાલસિંહ, વિજયભાઈનો મિત્ર પ્રશાંત સુરેશભાઈ કાલાણી રે. ભાવનગર ફરીયાદીના કાકા જયરાજસિંહ બટુકસિંહ રાઠોડ રે.ગરાળ વાળા વાહન લઈ ઊના આવેલ અને આરોપી અનિલના વિદ્યાનગર સોસાયટી નાગનાથ મંદિર પાછળ ઘરે રૂપિયા લેવા ગયા હતા ત્યારે ચાર આરોપીઓ સ્કોર્પિયો કારમાં આવી ભૂંડી ગાળો બોલી જેમાં આરોપી અનિલએ લોખંડનો પાઈપ વતી હરિકૃષ્ણસિંહના માથાના પાછળના ભાગે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અન્ય ત્રણ આરોપીઓ પણ લોખંડનો પાઈપ અને લાકડાના ધોકા વડે હુમલો કરી અન્યને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચાડી હતી અને જાન થી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. ઈજા પામનારને ઊનાની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે ચાર આરોપી સામે BNS કલમ -૧૦૯(૧), ૧૧૫(૧), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨),૩૫૧(૩), ૩,(૫) GPA ૧૩૫ મુજબ ગુનો નોંધી તપાસ ઊના પોલીસ ઈન્સ્પેક્ટર મહેન્દ્રસિંહ રાણાએ વધુ તપાસ હાથ ધરી છે અને આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વધતી ઉંમર કે વધતું મનોબળ? મહત્વ કોનું? મીનાબેન વિભાકર શાહની સ્ટોરી



અલ્પા શાહ



જીવન બધાંને સરખું મળે છે. એટલે કે શ્વાસોશ્વાસ, ઈન્દ્રિયો, મન. સુખ-સગવડો આપણને આપણાં પુણ્ય પ્રમાણે મળે છે. જીવનની આપણી યાત્રાને કેવી રીતે મઠારવી એ આપણે નક્કી કરવાનું હોય છે. ઘણાં લોકો પોતાનાં જીવનની ક્ષણે ક્ષણનો એવો ઉપયોગ કરી જાણે છે કે એમને સલામ કરવાનું મન થાય. કાંઈ કરવાની ભાવના હોય અને મજબૂત મનોબળ સાથે આગળ વધો તો તમે કોઈપણ ઉંમરે કોઈપણ સિદ્ધિ હાંસિલ કરી શકો છો.

આજે મારે એક એવા વિરલ વ્યક્તિની વાત કરવી છે, જેમનું નામ છે મીનાબેન વિભાકર શાહ.

તેઓ હાલમાં અમદાવાદમાં રહે છે. હું દસ દિવસ પહેલાં જ એમને મળી અને એમના વ્યક્તિત્વથી અંજાઈ ગઈ. ૬૯ વર્ષની ઉંમરે પણ એટલાં જ સ્ફૂર્તિવાન. પોતાનાં જીવનનો સદઉપયોગ કર્યાનો સંતોષ એમનાં મુખ ઉપર વર્તાય. આ લેખ લખવા માટે હું વિભાકરભાઈનો આભાર માનીશ કે જે મારા સોશિયલ મીડિયા ફ્રેન્ડ છે અને એમને એક રાઈટર તરીકે મને માન આપી એમના ત્યાં મળવા બોલાવી. એમનાં ઘરે એમનાં ધર્મપત્ની મીનાબેન મળ્યાં અને મને આ સ્ટોરી લખવાની પ્રેરણા થઈ.

૧૯૫૫ માં જન્મેલા મીનાબેને ૧૯૭૬ માં બી.એ. કર્યું. એમાં ૬૦% આવ્યાં. પછી એમનાં લગ્ન થયાં. લગ્ન બાદ અમેરિકા જવાનું થયું. એકાદ વર્ષ ત્યાં રહી પાછાં આવ્યાં. પછી બે સંતાનોનો જન્મ થયો. એ પછી એમણે ૧૦ વર્ષ મેન્ટલી અક્ષમતા ધરાવતા છોકરાંઓની સેવા કરી. આ બધી જવાબદારીઓમાંથી પરવાર્યા એટલે એમને ફરી ભણવાનું મન થયું. એમને થયું જીવનમાં કંઈક કરવું છે. એમને પ્રાઈવેટ નહિ કોલેજમાં જઈને શિક્ષકોની છત્રછાયામાં ભણવું હતું. આ ઉંમરે આવો વિચાર આવવો એ એક અજીબ વાત હતી. એ માટે એમણે અમદાવાદ યુનિવર્સિટીમાં તપાસ કરી પણ કોલેજવાળાઓ એ એડમિશન માટે ના પાડી. કારણ કે કાયદા પ્રમાણે એમને બી.એ. કર્યાનાં ૩૪ વર્ષ પછી એમની માર્કશીટ ૦% પર ગણાવા લાગી. એમણે ઘણાં ધક્કા ખાધાં. કોલેજવાળા એ એમની ધગશ જોઈને એમને એડમિશન આપ્યું.

એમ.એ. નો અભ્યાસ એમણે એક યુવાન તરુણીની જેમ બેંચ પર બેસી ચાલુ કર્યો. આ ઉંમરે પોતાનાં છોકરાંઓની ઉંમરનાં વિદ્યાર્થીઓ સાથે બેસી ભણવાનો જરાય સંકોચ ન હતો. ઊલટાનો એક આંતરિક ઉત્સાહ હતો કે મારે કંઈક કરવું છે. એક હાઉસવાઈફ માટે આ કરવું સહેલું નહોતું. ઘરની જવાબદારીઓ, સંબંધો સાચવવા, એમાં આવવું-જવું પણ મીનાબેન પરિવાર, સંબંધો બધું સાચવી રાત્રે બધાં સૂઈ જાય પછી કોલેજનું ભણવાનું શરૂ કરતાં. પરીક્ષાની તૈયારીઓ પણ એ જ રીતે કરતાં. આ પ્રથમ વર્ષમાં એમણે એટલી સારી રીતે સ્કીલ બતાવી કે બીજા વર્ષે એમને આ બધામાં લીડરશીપ મળી ગઈ. ભણવામાં પણ બધાંને બનતી મદદ કરતાં. આમ બે વર્ષના અંતે ફાઈનલ એક્ઝામ આપી અને એમાં ફર્સ્ટ ક્લાસ ગ્રેડ મેળવ્યો. હવે બધાંએ એમને પીએચડી કરવાં કહ્યું. મીનાબેનને એમાં રસ ન હતો. એમને કાઉન્સેલિંગ કરવું હતું જેથી માનવસેવા કરી શકાય.

એમને થયું કે ૬૧ વર્ષે ક્યાં પીએચડી કરવી? એ પછી એમ.એ. માં લેક્ચરર તરીકે ભણાવવા જવાં લાગ્યાં. પેપર્સ કાઢવા, પેપર તપાસવા જેવાં કાર્યો, કોઈપણ સામાન્ય માણસ રિટાયર થાય એ ઉંમરે સ્ફૂર્તિથી કરવાં લાગ્યાં.

હજી પણ એમનું મન કાંઈક કરવા થનગનતું હતું. એમણે કાઉન્સિલિંગનો કોર્સ કરવાનો નિશ્ચય કર્યો. એમાં એમણે ડિસ્ટીંક્શન મેળવ્યું. કહેવાય છે ને કે ઈરાદા મજબૂત હોય તો કુદરત પણ સાથ આપે છે. આ ઉંમરે લોકોની યાદશક્તિ ઓછી થઈ જાય પણ મીનાબેનમાં જાણે એક જવાનીનો સંચાર થયો અને આ ઉંમરે આટલાં સરસ માર્ક્સ મેળવી કોર્સ પૂરો કર્યો. એ પછી એમને યુનિવર્સિટીથી કોલ આવ્યો કે તમારે કાઉન્સેલિંગની જોબ કરવી છે? ૨૦૧૨ માં એમણે કરૂણાલય કેન્સર હોસ્પિટલમાં જોબ શરૂ કરી. જેઓને થર્ડ સ્ટેજનું કેન્સર હોય એ લોકોનું કાઉન્સેલિંગ કરે.

અંતિમ તબક્કાનું કેન્સર નિદાન થતાંની સાથે જ પગ નીચેથી જમીન સરકી જાય. દર્દી માટે ઊગતી હર એક સવાર એટલે સામે ઊભેલા મોતને આવકારવું.

એ ના આવે ત્યાં સુધી જીવનને ઉદાસીનતા અને પારાવાર પીડામાં ધકેલતા જવાનું. આવાં સમયે એમને આ પડકાર સામે કેવી રીતે લડવું એ શીખવાડે. આજ નહીં તો કાલે બધાંએ એક દિવસ જવાનું છે. તો રડ્યાં કે ડર્યા વગર જીવીને કેમ નહીં જવાનું? એવું દરેક પેશન્ટને સમજાવે. એમનાં શબ્દોથી પેશન્ટને શાતા મળે અને આ દર્દથી ઘેરાયેલા પેશન્ટના જીવને શાંતિ અને રાહત મળે. હોસ્પિટલમાં તહેવારો ઉજવાય, ડ્રાન્સ કરવા, ગેમ રમાડવી જેવાં આયોજનો કરે જેથી દુઃખમાંથી એ લોકોનું મન ડાઈવર્ટ થાય.

પોતાને આરામ કરવાની ઉંમરે મૃત્યુના મુખમાં ધકેલાયેલ વ્યક્તિને ઠારવા એ કાંઈ સહેલું કામ નથી. આ દર્દીઓની પીડા જોઈ મીનાબેન આજની જનરેશનને સલાહ આપે છે કે સિગરેટ, પાન-માવાથી દૂર રહેવું જોઈએ. આનંદ માટે કે ફેશન પરસ્ત બનવા માટે આ દૂષણો જીવનમાં દાખલ કરવા ના જોઈએ. કોઈ મિત્ર કે પ્રીયપાત્રને કંપની આપવા આવું વ્યસન ના કરો.

ખરેખર મીનાબેનના જીવનને જોઈને સમાજને કહેવાનું મન થાય કે બનો તો આવાં તારલા બનજો કે જે બીજાની જિંદગીમાં ટમ ટમ થાય અને તેની આંતરડી ઠારે. ગમે તે ઉંમરે તમે ચાહો એ કરી શકો છો. બસ સ્વયં પર અડગ વિશ્વાસ હોવો જોઈએ. પોતાનાં છોકરાંઓની ઉંમરના છાત્રો સાથે બેસી ભણવું એ માટે જ છપ્પનની છાતી જોઈએ. આજે મીનાબેન ૬૯ વર્ષે ગર્વભેર જીવી રહ્યાં છે. મીનાબેન અમારા દશા શ્રીમાળી સુડતાલીશ સમાજના ગર્વ છે. એમની કથા આલેખવાનો મોકો મને મળ્યો એ બદલ ખૂબ જ રાજીપો. એમનાં પરિવારને પણ ધન્યવાદ કહેવાનું મન થાય કે એમના સપોર્ટના લીધે જ એ આ કરી શક્યાં. નહીં તો આ ઉંમરે ભણવાનું કહે તો ઘરવાળા જ ના પાડી દે કે બેસીને હુંઘર સંભાળીને.

જીવનમાં કંઈક કરી બતાવવાની અભિલાષા હોય ને તો દરેક પરિબળો તમને સાનુકૂળ થઈને રહેશે. કસોટીઓ થશે પણ સંઘર્ષોથી લડી આગળ વધશો તો કંઈક અવનવું પામી શકશો. સામાન્ય જીવન બધાં જ જીવે છે પણ કાંઈક અલગ ઓળખ બનાવવા, પોતાની જાત બીજાના ઉપયોગમાં આવે એ રીતે જીવવાના શમણાં સજાવો તો કુદરત પણ સલામ કરશે.

# ઉના: બંદુક અને છરી સાથે ફોટા પડાવી સોશ્યલ મીડિયામાં વાયરલ કરતા ત્રણ યુવાનોની પોલીસે અટક કરી





ઉના તા. ૨૪

ઊના તાલુકાના રાજપૂત રાજપરાના નિકુલસિંહ ઘનશ્યામસિંહ રાઠોડ (ઉ.વ.૨૬) એ સિંગલ બેરેલની બંદુક સાથે ફોટો પાડી તેમજ જેન્તી જીવનભાઈ સોલંકી રહે.પાલડી તા. ઊના અને મન્સુરઅલી બહારઅલી શેખ રે. ઊનાએ તિક્ષ્ણ છરી હાથમાં પકડી ફોટા પાડી સોશ્યલ મીડિયામાં વાયરલ કરી લોકોના માનસ ઉપર ભય ફેલાવતા હોય જેની જાણ ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચની પોલીસને થતાં ઈન્ચાર્જ પી.આઈ. એ.બી. જાડેજાની સૂચનાથી પી.એસ.આઈ. એ.સી. સીંધવ, એ.એસ.આઈ. સુભાષભાઈ ચાવડા, રાજુભાઈ ગઢીયા, પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ મોરી, ગોવિંદસિંહ વાળા, પોલીસ કોન્સ્ટેબલ વિજય ચૌહાણ, રાહુલ ચૌહાણ વિગેરે સ્ટાફે ત્રણે યુવાનોને એક બંધુક, બે છરી, એક મોબાઈલ ફોન મળી ૨૫,૪૦૦/ના મુદ્દામાલ સાથે પકડી લોકોમાં દહેશત ફેલાવવા અને હથિયાર બંધીના જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી માટે ઊના પોલીસને સોંપેલ છે.

# ખંભાળિયાની બદિયાણી હોસ્પિટલમાં રવિવારે નેત્રયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

જામ ખંભાળિયા, તા.૨૪

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા માનવ સેવા સમિતિના ઉપક્રમે આગામી રવિવાર તા.૨૭ મી ના રોજ અત્રે જામનગર હાઈવે રોડ પર આવેલી એલ.પી. બદિયાણી હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન, સારવાર તથા દવા વિતરણ કેમ્પ અને શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં રાજકોટની જાણીતી રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ આંખની હોસ્પિટલના ડોકટરો અને ટેકનીશ્યનો તેઓની સેવાઓ આપશે. ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને ખાસ બસ મારફતે રાજકોટ લઈ જઈ અને ઓપરેશન સાથે નેત્રમણી પણ મૂકી આપવામાં આવશે.

આ ઉપરાંત સર્વરોગ નિદાન કેમ્પમાં નિષ્ણાંત ડૉ. નિલેશભાઈ રાયઠઠ્ઠા દર્દીઓની સારવાર કરશે. આ કેમ્પનો મહત્તમ લાભ લેવા સંસ્થાના પ્રમુખ ધીરેનભાઈ બદિયાણી દ્વારા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારના દર્દીઓને અપીલ કરવામાં આવી છે.

# અદાણી ફાઉન્ડેશન દ્વારા પશુપાલકો માટે પ્રોત્સાહક કાર્યક્રમ યોજાયો



## માલધારીઓને માર્ગદર્શન સહિત પ્રમાણપત્રો અને ઈનામ વિતરણ કરાયું

અમદાવાદ, તા.૨૪

અદાણી ફાઉન્ડેશન દ્વારા કચ્છના ૧૮ ગામોના પશુપાલકોને પ્રોત્સાહિત કરવા કાર્યક્રમનું આયોજીત કરવામાં આવ્યો હતો.જાડવા ગામમાં પશુપાલકો માટે આયોજીત આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં અબડાસા અને લખપત તાલુકાનાં ૯૦ લોકોને ઈનામ વિતરણ અને પ્રમાણપત્રોથી નવાજવામાં આવ્યા હતા. અદાણી ફાઉન્ડેશન દ્વારા હિઝરત કરતા માલધારીઓને અટકાવી પશુપાલનને પ્રાધાન્ય આપતાઅથાગ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાછે.

અદાણી ફાઉન્ડેશન દ્વારા છેલ્લા બે માસમાં ડેરીમાં સૌથી વધુ દૂધ આપતા પાંચ પશુપાલકોને નવાજવામાં આવ્યા હતા. પ્રોત્સાહનરૂપે પશુપાલકોને પાંચ લીટર દૂધની સ્ટીલની બરણી તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.છેલ્લા બે માસમાં ૩૩૬૦૦ લિટર દૂધ ભરીને ડુંગરભાઈ મંગલભાઈ રબારી (જાડવાવાળા)ને સૌથી વધારે દૂધ ઉત્પાદનનું પ્રથમ ઈનામ મેળવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત પશુપાલકોને સ્વચ્છ અને વધુ દૂધ ઉત્પાદન મેળવવા પશુ સંવર્ધનનું મહત્વ અને રસીકરણ અંગે પશુ ચિકિત્સકોએ માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. કુલ છ પંચાયતોના ૧૮ ગામોને પશુ સારવાર માટે ઉપયોગી સાધનવિતરણ પણ કરવામાં આવ્યું હતું. વળી ૧૧૫૧ વૃક્ષો ધરાવતા અદાણી વનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.પ્રાંત અધિકારી કે. જે. વાઘેલાએ અદાણી ફાઉન્ડેશનની પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે “ડોક્ટરો દ્વારા પશુપાલકોને અપાયેલા માર્ગદર્શન પ્રમાણે જો નક્કર કામગીરી થાય તો, તેઓ ઉત્તમ વળતર મેળવી શકશે.” જ્યારે અદાણી સિમેન્ટના પ્લાન્ટ હેડ વિવેકકુમાર મિશ્રાએ જણાવ્યું હતું કે “ગાયને માત્ર ધાર્મિક દ્રષ્ટિએ જ નહીં પણ આર્થિક દ્રષ્ટિએ પણ પાળવી જરૂરી છે. અબડાસા તાલુકા પંચાયતના પ્રમુખ મહાવીરસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે “અદાણી ફાઉન્ડેશન અંતરિયાળ વિસ્તારના માલધારીઓને મજબૂત કરવાનાસાર્થક પ્રયત્નો કરીરહ્યું છે. ત્યારે આપણે સૌએતેમને સાથ-સહકાર આપવો જોઈએ. સરહદી વિસ્તાર કચ્છમાં રોજગારી માટેનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને વરસાદ આધારિત ખેતી છે.આ વિસ્તારમાં છેલ્લાં આઠ મહિનાથી અદાણી ફાઉન્ડેશન સામાજિક જવાબદારીના ભાગરૂપે કુદરતી સંસાધનોને મજબૂત કરવાની કામગીરી કરી રહ્યું છે. સરહદ ડેરી અને માહી ડેરીએ દૂધ ઉત્પાદન ખરીદવાનું શરૂ કરતાહિજરત કરતા માલધારીઓ સ્થાયી થયા છે.

## માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરા ખાતે સ્થાયી અને પુનઃપ્રાપ્ય ઉર્જા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૨૪

ભારતનાં વડાપ્રધાન અને ગુજરાતનાં તત્કાલિન મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીએ ભાવિ પેઢીની સલામતી, ટકાઉ વિકાસ અને પર્યાવરણ સરંક્ષણને લક્ષ્યમાં રાખીને સને ૨૦૦૯માં કલાઈમેટ ચેન્જ માટે “ગુજરાત એનર્જી ડેવેલપમેન્ટ એજન્સી (GEDA)” નામના સ્વતંત્ર વિભાગની રચના કરવાનો પ્રશંસનીય નિર્ણય કર્યો હતો. કલાઈમેટ ચેન્જ માટે સ્વતંત્ર વિભાગની રચના કરનાર ગુજરાત ભારતનું પ્રથમ અને એકમાત્ર રાજ્ય છે, તો સમગ્ર એશિયામાં પ્રથમ અને વિશ્વમાં ચોથું રાજ્ય છે.

હાલનાં ઔદ્યોગિકરણ અને યાંત્રિકીકરણના યુગમાં પ્રદૂષણના કારણે પૃથ્વીની આબોહવામાં અકલ્પનીય ફેરફારો જોવા મળી રહ્યાં છે. વાયુ, ધ્વનિ, યંત્ર અને જળ જેવા વિવિધ પ્રદૂષણથી દુષ્કાળ, વાવઝોડા, અતિવૃષ્ટિ, અસહ્ય ગરમી અને ઠંડીના પ્રતિકૂળ કુદરતી તોફાનોના કારણે સજીવસુષ્ટિ ઉપર ગંભીર જોખમ સર્જાયું છે. આ ગ્લોબલ વોર્મિંગ સબબ ભારત સરકારશ્રી દ્વારા આવનારી પેઢીની જરૂરિયાતો સંતોષવા ઓછામાં ઓછું કાર્બન ઉત્સર્જન થાય એ રીતે સૌરઉર્જા, પવનઉર્જા, સમુદ્રી ઉર્જા, હાઈડ્રોપાવર, બાયો એનર્જી જેવા કુદરતી, સસ્તાં અને પુનઃપ્રાપ્ય એવા સ્ત્રોતો અને સંસાધનોનો ઉપયોગ વધે તે માટે વિવિધ પ્રયાસો થઈ રહ્યાં છે. માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે GEDA અને બ્રહ્મમાનંદજી લોકવિજ્ઞાન કેન્દ્ર-જૂનાગઢ દ્વારા “સ્થાયી અને પુનઃપ્રાપ્ય ઊર્જા જાગૃતિ કાર્યક્રમ” તા.૨૩-૧૦-૨૦૨૪ ને બુધવારના રોજ યોજવામાં આવ્યો હતો. આ તકે લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડિનેટર ડૉ.શ્રી પ્રતાપભાઈ ઓરા સાહેબે વિદ્યાર્થિનીઓ સાથે સ્થાયી અને પુનઃ પ્રાપ્ય ઉર્જા વિશે વાર્તાલાપ અને પ્રશ્નોત્તરી કરીને ઊંડાણપૂર્વકની સમજ આપી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાનાં વહીવટી અધિકારીશ્રી કે.પી.ગજેરા, શાળાના આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયા સહિત શિક્ષકોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થિનીઓને પુરસ્કારથી પ્રોત્સાહિત પણ કરવામાં આવી હતી. શાળામાં આવો જાગૃતિ કાર્યક્રમ યોજવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી જે.કે.ઠેસિયા સાહેબ, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા સાહેબ, સહિતના ટ્રસ્ટીઓ, વિદ્યાગુરૂઓ અને શાળા પરિવારે હર્ષની લાગણી સાથે અભિનંદન પાઠવ્યા હતાં.

## વેરાવળ પંથકમાં એક દિવાળી માનવતાની સોમનાથના યુવાનો દ્વારા અનોખી ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૪

એક દિવાળી માનવતાની આ શબ્દો સાંભળી ને સુંદર લાગે પણ ખરાં અર્થમાં આ કાર્ય કરવું બહુજ અઘરું છે.આજ નાં યુવાનો મોજશોખ પાછળ વ્યસ્ત રહેતા હોય છેપરંતુ ગીર સોમનાથ ના વડા મથક સોમનાથ અને વેરાવળ પંથક માં યુવાનો નું એક ગૃપ જેમાં સોમનાથ ના ગૌરવભાઈ ગોસ્વામી હોટેલ સુખનાથ સોમનાથ મહેન્દ્ર ભાઈ કુલવિર સાધુ, કિશનભાઈ વાજા, ચિરાગભાઈ ગોસ્વામી,ઉના ના રાધેભાઈ જોશી, કમલેશભાઈ ચંદ્રાંની,જીગ્નેશભાઈ દેસાઈ, રાજભા રાઠોડ, જીગ્નેશભાઈ ચોક્ષી, દિવ્યેશભાઈ, મનીષભાઈ, વિશાલભાઈ, પ્રકાશભાઈ દ્વારાગરીબ માનવ, પક્ષીઓ, પર્યાવરણ, અને ચકલી બચાવો નાં અભિયાન અંતર્ગત છેલ્લા નવ વર્ષથી ઊના, ધોકડવા, ગીરગઢડા, અને વેરાવળ જેવાં શહેરો માં સેવાકીય પ્રવુતિઓનું કાર્ય કરે છે.દિવાળી નાં આઠ દિવસ પહેલા ઉપર જણાવેલ સ્થળો પર ગરીબ પરિવારો ને નિસ્વાર્થ તેના મનપસંદ કપડાં ચંપલ નું વિના મૂલ્યે વિતરણ વ્યવસ્થા કરાય છે.

આ વખતે વેરાવળ માં ટાવર ચોક, બગીચા ની બાજુ માં તારીખ - ૨૩-૧૦-૨૦૨૪ ને બુધવારે, આજ ના રોજ રાખેલ છે. તેમજ ન નફા ન નુકસાન ના ધોરણે ચકલી ઘર પણ વિતરણ કરવા માં આવે છે.જણાવ્યા અનુસાર નવ વર્ષ પહેલાં અમારાં ગૃપ ને એક વિચાર આવ્યો કે સમાજમાં અમીર ગરીબ વચ્ચેની ખાઈ પહોળી થાય છે સાથે સાથે ચકલી પર્યાવરણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત દેશ ની શ્રેષ્ઠ સેવાઓ કરી શકીયે છીએ આ સુંદર લોક કલ્યાણ કામો કરવા દરેક સમાજનાં સારા વર્ગનાં યુવાનો એ વિચારને આવકાર્યું અને એક દિવાળી માનવતાની નામે યુવાનો ના ગૃપ દ્વારા શહેરના વેપારી ઓ અને સુખી સમ્પન્ન લોકો તેમજ સેવા ભાવિ લોકો અને પત્રકારોનાં સહયોગ થી સારા બીનજરૂરી તેમજ નવાં કપડાં ચંપલ સહિતની ચીજવસ્તુ ઓ એકઠી કરીને ગરીબો પણ સારી રીતે દિવાળીનો તહેવાર ઊજવી શકે તેવાં હેતું સાથે વિતરણ કરાય છે હાલ આ સેવાકિય પ્રવૃત્તિઓ ઊના ધોકડવા ગીરગઢડા અને વેરાવળ સુધી વિસ્તરી છે અમીર ગરીબ નાનાં મોટાં અને સૌ સમાન વ્યક્તિ હોય તેમ નાતજાતનાં ભેદભાવ વગર કપડા ચંપલનું વિતરણ વિનામૂલ્યે કરાય છે આ ઊપરાંત એક દિવાળી માનવંતાની ગૃપ દ્વારા ચકલી બચાવો અભિયાન સ્વચ્છતા,જળ, પર્યાવરણ, વૃક્ષો વાવવા બેટી બચાવો અને સ્વચ્છતા નિરોગી રહો જેવાં કાર્ય દ્વારા જાગૃતિ અભિયાન તેમજ ચકલી ઘરનું વિતરણ કરાય છે નવ વર્ષ દરમિયાન હજારો ગરીબ પરીવારનાં લોકો તહેવારો ખુશી સાથે મનાવે છે આ ગૃપનાં તમામ યુવાનો સુખી સમ્પન્ન હોવાથી કોઈ પાસે ફંડ એકઠું કર્યા વગર આ સેવાકિય પ્રવૃત્તિ સવારથી મોડી રાત્રી સુધી આઠ દિવસ અગાઉ અલગ અલગ સ્થળો ઉપર શાંત અને સંયમ સાથે ગરીબોને જરૂર મુજબ કપડાં તેમજ ચીજવસ્તુઓ પોતાની રીતે લઈ જાય છે ત્યારે અનેરો ઉત્સાહ વ્યક્ત કરતાં હોવાનું જોવાં મળે છે.

## શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારકા દ્વારા આયોજિત અખિલ ભારતીય તીર્થ મહાસભા અધિવેશન ૨૦૨૪ની થઈ શરૂઆત



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૪

દ્વારકામાં યાત્રિક નિવાસ ખાતે શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારકા દ્વારા આયોજિત અખિલ ભારતીય તીર્થ પુરોહિત મહા અધિવેશનની જગતગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદજી સરસ્વતીજી મહારાજના આશીર્વાદથી તેમજ મુખ્ય અતિથિ ધારાસભ્ય પબુભા વિરમભા માણેકની વિશેષ ઉપસ્થિતિમાં લગભગ ૧૦૦ જેટલા તીર્થોના તીર્થ પુરોહિત બ્રાહ્મણો વચ્ચે શરૂઆત થઈ હતી. જેમાં સવારે ભગવાન દ્વારકાધીશની ધ્વજાજીનું પૂજન કર્યા બાદ શોભાયાત્રા દ્વારા દ્વારકા જગત મંદિરમાં ઠાકોરજીના દર્શન કરી યાત્રિક નિવાસ ખાતે વેદોક્ત તેમજ પુરાણોક્ત મંત્રોથી મંગલાચરણ કર્યા બાદ દીપ પ્રાગટ્ય કરી વિધિવત શરૂઆત કરવામાં આવી હતી. અખિલ ભારતીય તીર્થ પુરોહિત મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ રામકૃષ્ણ તિવારી, મુખ્ય સંરક્ષક મહેશ પાઠક, વરિષ્ઠ ઉપાધ્યક્ષ સુરેન્દ્ર ભારદ્વાજ, સતીષ શુકલા, વરિષ્ઠ મહામંત્રી નવીન નાગર ચતુર્વેદી, નિતીન ગૌતમ, દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, જ્ઞાતિ મંત્રી કપિલભાઈ વાયડા, દ્વારકા તીર્થ પુરોહિત મંત્રી ભાર્ગવ ભટ્ટ, વિનોદ ચતુર્વેદી વગેરે વિશેષ ઉપસ્થિત રહ્યા. સમગ્ર સભાનું સંચાલન મિથિલેશભાઈ વાયડા દ્વારા કરવામાં આવ્યું હતું. તમામ તીર્થોના પ્રશ્નો જેવા કે કોરિડોર રચના સમયે બ્રાહ્મણોના અધિકારો, મંદિરોની આસપાસ ગંદકી, પવિત્ર તીર્થ નદીઓની સફાઈ, તીર્થોમાં બ્રાહ્મણોના અસ્તિત્વ વગેરેની ચર્ચા કરવામાં આવશે.

### અવસાન નોંધ

રાજકોટઃ પાંચવડા નિવાસી સ્વ. પ્રેમજીભાઈ હીરજીભાઈ વસાણીના પુત્રવધૂ ગં.સ્વ. વિજયાબેન શાંતિલાલ વસાણી(ઉ.વ. ૯૪) તે નવીનભાઈ, લલિતભાઈ, નરેશભાઈ, બિપીનભાઈ તથા પ્રવિણાબેન નગદીયા(અમદાવાદ)ના માતુશ્રી તેમજ જસદણ નિવાસી સ્વ. મણીલાલ પરષોત્તમ તન્નાના સુપુત્રી બુધવાર તા.૨૩મીના રોજ અવસાન પામ્યા છે. તેમનું બેસણું તથા પિયર પક્ષની સાદડી શુક્રવાર તા.૨૫ના રોજ સાંજે ૪થી ૬ ધર્મેશ્વર મહાદેવ, નાણાવટી ચોક, સ્ટર્લિંગ હોસ્પિટલની પાછળ, ધરમનગર મેઈન રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

## કિરતસાતા પરિવાર દ્વારા દ્વારકાના જગત મંદિરે નૂતન ધ્વજારોહણ



જામ ખંભાળિયા, તા.૨૪

ખંભાળિયા તાલુકાના સલાયા ગામના મૂળ વતની અને હાલ જામનગર રહેતા જયેશભાઈ મુકુન્દરાય કીરતસાતા પરિવાર દ્વારા દ્વારકા ખાતે દ્વારકાધીશજીના મંદિરે નૂતન ધ્વજારોહણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ધ્વજારોહણ પૂર્વે સાંજે શ્રીનાથજીની ઝાંખીનો પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બીજા દિવસે વાજતે ગાજતે જગત મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ તકે સલાયા રઘુવંશી સમાજના અગ્રણી અને શહેર ભાજપ મહામંત્રી લાલજીભાઈ ભૂવા દ્વારા જયેશભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ડો. કેશવરાવ બલીરામ હેડગેવાર ભવન ખાતે કેશવ ક્રેડીટ સોસાયટીનો ૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશનો કાર્યક્રમ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

સહકારી સંસ્થાઓમાં માત્રને માત્ર વ્યકિત ઉષ્કર્ષથી રાષ્ટ્ર ઉષ્કર્ષ માટે કામ કરતી રહેલી કેશવ ક્રેડીટ સોસાયટીની સ્થાપના ૨૨ ઓકટોબર ૧૯૯૭ના દિવસે થયેલી ૧૯૯૭-૯૮માં ૨૮૪ સભાસદોથી શરૂ થયેલી હતી. આ સોસાયટીમાં અત્યારે ૫૩ હજાર ઉપર સભાસદો થયા છે. એજ એમની પ્રગતી બતાવે છે. ગામ્ય વિસ્તારોમાં લોકોના હિત માટે અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ આ સંસ્થા કરી રહી છે. કેશવ ક્રેડીટ સોસાયટીના ૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતા સ્થાપના દિન નીમીતે ઉપસ્થિત રહેલ કેશવ ક્રેડીટ સોસાયટીના સ્થાપક ચેરમેન તથા માર્ગદર્શક પ્રો. વિનોદભાઈ બરોચીયાએ સ્થાપના કાળથી અત્યાર સુધીની ક્રેડીટ સોસાયટીની પ્રગતી અંગે વિસ્તૃત છણાવટ કરેલ હતી. તેઓએ જણાવેલ કે સમગ્ર ભારતમાં રાષ્ટ્રહિતને વરેલ હોય એવી બોહુ ઓછી સંસ્થા છે એ પૈકિની કેશવ ક્રેડીટ સોસાયટી “લોક હીતમ્ મમ્ કરણીયમ્”ના મંત્ર સાથે કામ કરી રહી છે તેનો સવિશેષ આનંદ છે હજુ પણ આ સોસાયટી ઉતરોતર પ્રગતી કરે એવા આપણે સૌ સનિષ્ટ પ્રયાશ કરીએ એમ જણાવેલ હતું. આ કાર્યક્રમમાં સા ે સા ય ટી ના ં ચેરમેન રમેશભાઈ સાવલીયા, વાઈસ ચેરમેન નંદકિશોરભાઈ ગરાચ, વાઈસ ચેરમેન નરેન્દ્રભાઈ ભુત, એમ.ડી. ચીમનભાઈ ડોબરીયા, જનરલ મેનેજર સમીરભાઈ જોષી તથા બોર્ડ ઓફ ડીરેકટરઓ અને કર્મચારીગણ હાજર રહેલ હતા. આ સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન સોસાયટીના સીઈઓ પી.એસ. ગજેરએ કરેલ હતું.


## દ્વારકા નજીકના શિવરાજપુર બીચ ખાતે રવિવારે પર્યટન પર્વનું આયોજન

જામ ખંભાળિયા, તા.૨૪

દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી રવિવાર તા. ૨૭મીના રોજ સાંજે ૭ વાગે શિવરાજપુર બીચ ખાતે પર્યટન પર્વ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં લોક સાહિત્યકાર રાજભા ગઢવી સાહિત્ય રસ પીરસશે. સાથે ઝાંઝરી ગ્રુપ દ્વારા પણ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

પર્યટન પર્વમાં પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અને પર્યાવરણ તેમજ કલાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય પબુભા માણેક, ધારાસભ્ય હેમંતભાઈ ખવા, જિલ્લા પંચાયત પ્રમુખ રિદ્ધિબા જાડેજાની વિશેષ ઉપસ્થિતી રહેશે. આ કાર્યક્રમનો લાભ લેવા જાહેર જનતાને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સોમનાથ-વેરાવળ એસટી તંત્ર દિવાળી તહેવારોમાં યાત્રિકો માટે સજ્જ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૪

સોમનાથ-વેરાવળ એસટી બસ તંત્ર આગામી દિવાળીના તહેવારોમાં સોમનાથ ખાતે યાત્રિકો-પ્રવાસીઓની ભારે ભીડ સંભાવનાને લઈ પ્રજા સેવા, સસ્તી અને સલામતીભરી મનાતું એસટી તંત્ર આજથી જ ૧૦ બસ અને ૨૦ ટ્રીપ સાથે કાર્યરત થયું છે. વિભાગીય એસટી ડેપો મેનેજર દિલીપ શામળા કહે છે તા.૨૫-૧૦ થી ૯-૧૧ સુધી દિવાળી તહેવારો સબબ આ એક્સ્ટ્રા બસો દોડશે જેનો રૂટ સોમનાથ-જૂનાગઢ, વેરાવળ-પોરબંદર અને ઉના-વેરાવળ રહેશે. જરૂરીયાત થશે તો વધુ બસો અને ટ્રીપો ઉમેરાશે. આ બસો આજથી જ કાર્યરત કરી દેવાયેલ છે.

# દિપાવલી પર્વને ઉજવવા લોકોમાં ભારે ઉત્સાહ





જૂનાગઢ તા.૨૪

દિપાવલી અને નૂતન વર્ષનાં તહેવારોને ઉજવવા માટે લોકોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહયો છે. અને બજારોમાં રોનક સાથે ખરીદી શરૂ થઈ છે. મુખવાસથી લઈ અનેક ચીજવસ્તુઓની ખરીદી લોકો તહેવારના દિવસોમાં કરતા હોય છે અને તહેવારોને ભારે ઉત્સાહ સાથે મનાવવામાં આવે છે. જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં લોકો દિવાળીનાં તહેવાર ઉજવવા સજ્જ બની ગયા છે અને તમામ બજારોમાં સાંજના સમયે ભારે ગર્દી રહેતી હોય છે.

## મુખવાસથી લઈ વિવિધ ચીજવસ્તુઓની ખરીદી શરૂ

પ્રકાશનાં પર્વ એવા દિપાવલીનાં પર્વને મનાવવા જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ઉતસાહ પ્રવર્તી રહયો છે. જો કે આ વર્ષે ચોમાસું પણ છેક છેલ્લે સુધી એટલે કે ઓકટોબરના ત્રીજા વીક સુધી વરસાદ વરસ્યો છે. સાથે હવામાન વિભાગની વરસાદની આગાહી રહેલી છે જ.

દિપાવલી અને નૂતન વર્ષનાં તહેવારો આડે હવે ગણતરીનાં દિવસો જ બાકી રહયા છે ત્યારે બજારોમાં પણ ખરીદીનો દોર શરૂ થઈ ગયો છે. સાંજના સમયે દિવાળીની ખરીદી જોવા મળે છે. લોકો મુખવાસથી લઈ અને અનેક પ્રકારની ચીજવસ્તુઓ લેતા હોય છે. ઉપરાંત તહેવારના આ દિવસોમાં લોકો નવા વાહન, ઘર, દુકાન તેમજ સોનાનાં દાગીનાની ખરીદી પણ કરતાં હોય છે. તહેવારોનાં આ દિવસોમાં કાપડ બજાર, કટલેરી બજાર, સોની બજાર, ઈલેકટ્રીકના શો રૂમ, મોલમાં ખરીદી માટે જાય છે. ઉપરાંત ચપ્પલ, શુઝ જેવી આઈટમો પણ ખરીદે છે તો બીજી તરફ તહેવારોના આ દિવસોમાં ફરસાણ અને મીઠાઈની પણ ભારે ખરીદી થતી હોય છે. લોકો નવરાત્રીના તહેવારોનું સમાપન થયા બાદ ઘર, દુકાન, વ્યવસાય સંકુલોમાં રંગરોગાન કરતા હોય છે. અગીયારસથી શરૂ થતાં દિપાવલીનાં તહેવારની ઉજવણીનો પ્રારંભ થઈ છે ક લાભ પાંચમ સુધી ઉજવણી થતી હોય છે. અગીયારસ, બારસ, તેરસ(ધનતેરસ), કાળી ચૌદસ, દિપાવલી, નૂતન વર્ષ, ભાઈ બીજ, લાભ પાંચમ સુધી સતત તહેવારોની ઉજવણીનો માહોલ રહેતો હોય છે.

આ વર્ષે સતત વરસાદ વરસ્યો છે અને હવે આ તહેવારોનાં દિવસોમાં મેઘરાજા ખમૈયા કરી જશે તેવી આશા સાથે તહેવારોની ઉજવણી કરવા માટે લોકો ઉતસાહીત બન્યા છે. દિપાવલીનો તહેવાર પ્રકાશનું પર્વ કહેવાય છે અને આ તહેવારોમાં ફટાકડાની આતશબાજીનું પણ મહત્વ રહેલું છે. વિદ્યાર્થીઓની પરીક્ષાઓ લેવાઈ રહી છે અને ૨૭ ઓકટોબરથી શાળાઓમાં વેકેશન પડવાનું છે ત્યારે નાના બાળકોથી લઈ યુવા વર્ગ સુધી તમામ ફટાકડાની આતશબાજી માટે સજ્જ બની જશે. દિપાવલીનાં તહેવારો આડે ગણતરીનાં દિવસો જ બાકી રહયા છે ત્યારે બજારોમાં ખરીદીનો દોર શરૂ થયો છે અને આ તહેવારોને હટકે ઉજવવા લોકોમાં ઉત્સાહ પ્રવર્તી રહયો છે.

## વંથલીમાં પત્ની સાથે ઝઘડો થતા યુવાનનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ : રાજકોટ સારવાર હેઠળ

જૂનાગઢ તા.૨૪

વંથલીમાં પત્ની સાથે ઝઘડો થતા યુવાને ઝેરી ટીકડી પી લેતા તેને રાજકોટની સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

આ બનાવ અંગે મળતી વિગત મુજબ વંથલીમાં ગુરૂકુળ સોસાયટીમાં રહેતા યુવાને ગઈકાલે પોતાના ઘરે ઝેરી ટીકડા પી લેતા તેને સારવાર માટે વંથલી, જૂનાગઢ બાદ વધુ સારવાર માટે રાજકોટની સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો છે. હુસેન ડ્રાઈવીંગ કરે છે. તે ત્રણ ભાઈ અને એક બહેનમાં નાનો છે. તેના ત્રણ મહિના પહેલા લગ્ન થયા હતાં. ગઈકાલે પત્ની સાથે ઝઘડો થતા તેણે આ પગલુ ભર્યુ હોવાનું જાણવા મળ્યુ છે. આ બનાવ અંગે વંથલી પોલીસે તપાસ હાથ ધરી છે.

**કેશોદમાં યુવાને ઝેરી દવા પી લીધી**

કેશોદ પાતળ કુવા પાસે રહેતા સંજય ચંદુભાઈ સોલંકી (ઉ.વ.૨૨) એ ત્રણ દિવસ પહેલા પોતાના ઘેર ઝેરી દવા પી લેતા તેને સારવાર માટે કેશોદ બાદ વધુ સારવાર માટે રાજકોટની સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો છે. સંજય ત્રણ ભાઈ અને એક બહેનમાં નાનો છે. તે લાદી કામ કરે છે. કયાં કારણોસર આ પગલુ ભર્યુ તે અંગેનું કારણ જાણવા કેશોદ પોલીસે તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ મનપાના જેસીબીએ ગરીબ બાળકનો ભોગ લીધો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં મહાનગર પાલીકાના કચરાના ઢગલામાં પ્લાસ્ટીક વીણતા બાળકને હડફેટે લેતા મોત નિપજયાનું સી ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે રાજુભાઈ સુખાભાઈ મકવાણાએ મહાનગરપાલીકાના જેસીબી ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના પત્ની રેખાબેન, દિકરો મહેશ ઉર્ફે મયુર અને દિકરી સોનલ (ઉ.વ.૧૫) સુરજ ફનવર્લ્ડ નજીક આવેલ મહાનગરપાલીકાના કચરાના ઢગલામાંથી પ્લાસ્ટીક વીણતા હોય ત્યારે મહાનગરપાલીકાના જેસીબી ચાલકે પોતાનું જેસીબી બેફીકરાઈથી ચલાવી ફરીયાદીના દિકરા મહેશ ઉર્ફે મયુર(ઉ.વ.૧૧)વાળાને હડફેટે લઈ ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

PALM GREENS CLUB & RESORT
Goblej, Nr. Bareja, Ahmedabad.
વન ડે પીકનીક • ગેટ ટુ ગેધર • રેઈનડાન્સ
કીડ્સ વોટરપાર્ક • વેવ પુલ • ડેસ્ટીનેશન વેડીંગ
AC રૂમ્સ / કોટેજીસ • કલબ મેમ્બરશીપ
W : www.palmgreensclub.com
E : mail@palmgreensclub.com
૯૮૨૪૦ ૫૩૩૩૩
૯૯૦૪૮ ૨૩૩૩૩


"સુખ - સમૃધ્ધિની હોય કોઈ પણ જરૂરીયાત, બસ માસ થી જ કરો શુભ શરૂઆત"
MAS
દિવાળી આવી, ઓફરોની આતશબાજી લાવી...
ટુ-વ્હીલર વસાવો 100% લોન મેળવો
યુઝ્ડ કાર વસાવો 90% સુધી લોન
કોમર્શિયલ વ્હીકલ 90% સુધી લોન
પર્સનલ લોન 10 લાખ સુધી આજે જ મંજુરી મેળવો
બિઝનેસ લોન 5 લાખ થી 1 કરોડ સુધી
તમારા ઘર અને દુકાન સામે 5 લાખ થી 5 કરોડ સુધી લોન મેળવો
હોમ લોન
આકર્ષક વ્યાજદર
ઝડપી પ્રોસેસિંગ
આસાન શરતો
www.mas.co.in
MAS FINANCIAL SERVICES LTD. The Power of Distribution
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ
વધુ માહિતી માટે હમણાં જ કોલ કરો
18002025555
• જૂનાગઢ : 9904545902 • ઉના : 9427738270

• હરક્યુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાયસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હીલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો


બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશેઆઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એકસચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
નવરાત્રી માટે ખાસ...
નવરાત્રી માટે ખાસ...
ગાયનું તાજુ ઘી આવી ગયું છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પ્લેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
પ્યોર આખી મોરો જૂની સોપારી ૧ કિલોનાં રૂા. ૫૯૦ ફકત / આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
ગુલાબાવાડી પાસે, ખોજાવાડ ચોક નજીક સૌરાષ્ટ્ર ભુમિ દૈનિક (બ્યુરો ઓફીસ) જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨